

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 078
Dt.: 22-01-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa


અરવલ્લીના રક્ષણ મુદ્દે સુપ્રીમ કોર્ટના કડક નિર્દેશ

## અરવલ્લીમાં ખનન તાત્કાલિક બંધ કરાવો, તપાસ માટે નિષ્ણાત સમિતી બનાવો

**જો અરવલ્લીમાં ગેરકાયદે ખનન તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે, તો પર્યાવરણને એવું નુકસાન થશે જે ક્યારેય ભરપાઈ કરી શકાશે નહીં : સુપ્રીમ**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અરવલ્લી પર્વતમાળામાં ચાલી રહેલી ગેરકાયદે પ્રવૃત્તિઓ અંગે સુપ્રીમ કોર્ટે આજે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો અરવલ્લીમાં ગેરકાયદે ખનન તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે, તો પર્યાવરણને એવું નુકસાન થશે જે ક્યારેય ભરપાઈ કરી શકાશે નહીં.

સુપ્રીમ કોર્ટે રાજસ્થાન સહિતના સંબંધિત રાજ્યોને કડક સૂચના આપી છે કે, અરવલ્લી ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારનું ખનન ન થાય તે સુનિશ્ચિત કરવામાં આવે. સુનાવણી દરમિયાન રાજસ્થાન સરકારે કોર્ટને ખાતરી આપી હતી કે, રાજ્યમાં કોઈ પણ ગેરકાયદે ખનન ચલાવી લેવામાં આવશે નહીં અને અરવલ્લીમાં આવી પ્રવૃત્તિઓને રોકવા માટે તાત્કાલિક પગલાં ભરવામાં આવશે.

અરવલ્લીમાં ખનન અને તેને લગતા પ્રશ્નોની ઊંડી તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટે એક સ્પેશિયલ એક્સપર્ટ કમિટી બનાવવાનો નિર્ણય લીધો છે. કોર્ટે એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટી અને એમિકસ ક્યુરી કે. પરમેશ્વરને ચાર અઠવાડિયામાં એવા પર્યાવરણવિદો અને વૈજ્ઞાનિકોના નામ સૂચવવા કહ્યું છે, જેઓ ખનન ક્ષેત્રના નિષ્ણાત હોય. આ સમિતિ સીધી સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ કામ કરશે.

અગાઉ ૨૦ નવેમ્બરના આદેશમાં અરવલ્લી પર્વતમાળાની એક સમાન વ્યાખ્યા સ્વીકારવામાં આવી હતી, જેના પર વિવાદ સર્જાતા કોર્ટે સ્ટે આપ્યો હતો. આજે કોર્ટે આ સ્ટેની મુદત લંબાવી દીધી છે. વરિષ્ઠ એડવોકેટ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે, પર્વતોને ચોક્કસ વ્યાખ્યામાં બાંધી શકાય નહીં, કારણ કે ત્યાં સતત ભૌગોલિક ફેરફારો થતા રહે છે.

ચીફ જસ્ટિસે કહ્યું કે, 'ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કડક હાથે કામ લેવામાં આવશે. આ એક સ્પષ્ટ ગુનો છે અને તેના માટે સજા થશે.' કોર્ટે એમ પણ ઉમેર્યું કે, હવે આ મામલે વારંવાર નવી અરજીઓ કરીને મુખ્ય મુદ્દા પરથી ધ્યાન ભટકાવવું જોઈએ નહીં. હવે આ મામલે આગામી સુનાવણી ચાર અઠવાડિયા પછી હાથ ધરવામાં આવશે.



ઝેર અપાયું હોવાનો આરોપ

## તેલંગાણામાં એક બાદ એક ૬૦૦ કૂતરાના મોતથી ભારે ખળભળાટ

**રખડતા શ્વાનોના ત્રાસથી મુક્તિ અપાવવાના નામે ગ્રામ પંચાયતો દ્વારા સેંકડો શ્વાનોને ઝેરી ઈન્જેક્શન અપાયા**

(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ

તેલંગાણાના વિવિધ જિલ્લાઓમાં અબોલ જીવો પ્રત્યેની ક્રૂરતાની પરાકાષ્ઠા સમાન એક ઘટના સામે આવી છે. રખડતા શ્વાનોના ત્રાસથી મુક્તિ અપાવવાના નામે ગ્રામ પંચાયતો દ્વારા સેંકડો નિર્દોષ શ્વાનોને ઝેરી ઈન્જેક્શન આપીને મોતના ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. તાજેતરની ઘટના રંગારેડ્ડી જિલ્લાના યાચરમ ગામમાં બની છે, જ્યાં અંદાજે ૧૦૦ શ્વાનોની હત્યાના આરોપમાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. રંગારેડ્ડી જિલ્લાના યાચરમ ગામમાં ૧૯ જાન્યુઆરીના રોજ આશરે ૧૦૦ જેટલા રખડતા શ્વાનોને ઝેરી ઈન્જેક્શન આપી મારી નાખવામાં આવ્યા હતા. એનિમલ ક્રુઅલ્ટી પ્રિવેન્શન આસિસ્ટન્ટની ફરિયાદના આધારે રાચાકોંડા પોલીસે ગામના સરપંચ, વોર્ડ સભ્ય અને સચિવ વિરુદ્ધ મ્દ્રજીની કલમ ૩૨૫ અને પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ ઘટના પોલીસ સ્ટેશનથી માત્ર ૧ કિમીના અંતરે જ બની હતી. આ ઉપરાંત છેલ્લા બે અઠવાડિયામાં તેલંગાણાના કામારેડ્ડી અને હનમકોંડા જિલ્લાઓમાં ૫૦૦થી વધુ શ્વાનોને મારી નાખવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. આ અમાનવીય ક્રૂરતા પાછળનું મુખ્ય કારણ ગત ડિસેમ્બરમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ હોવાનું મનાય છે, જેમાં અનેક ઉમેદવારોએ મતદારોને રીઝવવા માટે પોતાના ગામને શ્વાન-મુક્ત બનાવવાનું વચન આપ્યું હતું.

આ જ ચૂંટણી વાદો પૂરો કરવા માટે, સત્તામાં આવેલા સરપંચોએ પ્રોફેશનલ ડોગ-કેચર્સની મદદથી આયોજનબદ્ધ રીતે અજ્ઞાત ઝેરી ઈન્જેક્શન્સ આપી નિર્દોષ શ્વાનોનો સામુહિક સફાયો કર્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે હનમકોંડાના ગામોમાં ૩૦૦ અને કામારેડ્ડીના ગામોમાં ૨૦૦ શ્વાનોને મારવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૭ સરપંચો સહિત ૧૫થી વધુ લોકો સામે FIR નોંધવામાં આવી છે. શ્વાનોના મૃતદેહોને ગામની બહાર ખાડો ખોદીને દફનાવી દેવામાં આવ્યા હતા, જેને હવે પોસ્ટમોર્ટમ માટે બહાર કાઢવામાં આવી રહ્યા છે. પશુ અધિકાર સંગઠનોએ આ ઘટનાની આકરી ટીકા કરી છે. તેમણે જણાવ્યું કે ગ્રામ પંચાયતોએ કાયદાનું ઉલ્લંઘન કરીને આ ક્રૂર કામ કર્યું છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ શ્વાનોનું રસીકરણ અને નસબંધી કરવી અનિવાર્ય છે, પરંતુ તેમને મારી નાખવા એ ગંભીર અપરાધ છે.

૨૦૩૦ સુધીમાં તબક્કાવાર રીતે કેન્દ્રની રચના કરાશે

## ઉત્તર પ્રદેશમાં દેશનું સૌથી મોટું એઆઈ આધારિત ડેટા સેન્ટર બનશે

**દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમનાં બીજા દિવસે ઉ.પ્ર. સરકાર અને એએમ ગ્રીન સમૂહની વચ્ચે ૨.૨૭ લાખ કરોડનું એમઓયુ**

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનઉ

ઉત્તર પ્રદેશમાં દેશનાં સૌથી મોટા એઆઈ આધારિત ડેટા સેન્ટરની રચના કરવામાં આવશે. આ સંદર્ભમાં સ્વિટ્ઝરલેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમનાં સંમેલનમાં બીજા દિવસે રાજ્ય સરકારનાં પ્રતિનિધિમંડળ અને એએમ ગ્રીન સમૂહની વચ્ચે ૨.૨૭ લાખ કરોડ રૃપિયાથી વધુના રોકાણ અંગે સમજૂતી (એમઓયુ) પર સહી કરવામાં આવી છે. કંપની ગ્રેટર નોઈડામાં કોમ્પ્યુટર ડેટા કેન્દ્રની રચના કરશે.

ઉત્તર પ્રદેશ સરકારનું એક પ્રતિનિધિ મંડળ નાણાકીય પ્રધાન સુરેશ ખન્નાનાં નેતૃત્ત્વમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમનાં સંમેલનમાં ભાગ લેવા માટે દાવોસ ગયું છે. સંમેલનનાં બીજા દિવસે વિભિન્ન ક્ષેત્રોના રોકાણકારોની સાથે પ્રતિનિધિમંડળે આઠથી વધારે બેઠકો યોજી હતી.

આ દરમિયાન ગ્રેટર નોઈડામાં એએમ ગ્રીન સમૂહની સાથે એક ગીગાવોટનું કોમ્પ્યુટર ડેટા કેન્દ્ર સ્થાપિત કરવા અંગે એમઓયુ કરવામાં આવ્યું છે. આ ડેટા કેન્દ્રમાંથી વૈશ્વિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) વર્કલોડ્સની સેવાઓ આપવામાં આવશે. એમઓયુ અનુસાર એએમ ગ્રીન સમૂહ તબક્કાવાર રીતે વર્ષ ૨૦૩૦ સુધી આ કેન્દ્રની રચના કરશે. આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો વર્ષ ૨૦૨૮ સુધી પૂર્ણ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

આ ડેટા કેન્દ્રમાં પાંચ લાખ આધુનિક ઉચ્ચ ગુણવત્તાવાળા ચિપસેટ લગાવવામાં આવશે. જે હાઈ પરફોમન્સ કમ્પ્યુટિંગ (એચપીસી) અને એઆઈ આધારિત સેવાઓને ગતિ આપશે.

આ સુવિધા વૈશ્વિક હાયપરસ્કેલર્સ, ફંટિયર લેબ, એન્ટરપ્રાઈઝેઝ અને એઆઇ પહેલને મોટા પાયે આગળ વધારવામાં સહાયક નીવડશે. આ ડેટા કેન્દ્ર ભારતીય ડેવલપર્સને પણ ચિપસેટ એક્સેસ પણ ઉપલબ્ધ કરાવશે.

કંપનીના અધ્યક્ષ મહેશ કોલ્લીએ જણાવ્યું હતું કે એક ગીગાવોટ કોમ્પ્યુટ ક્ષમતાને ગ્રીન ઉર્જાની સાથે જોડી અમે ડેટા કેન્દ્રની સાથે સરકારના સહયોગથી વૈશ્વિક એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં ભવિષ્ય માટે એક ટકાઉ મોડેલ તૈયાર કરીશું.

બંને પાયલોટને બચાવી લેવાયા

## પ્રયાગરાજમાં એરફોર્સનું ટ્રેની વિમાન ક્રેશ થઈ તળાવમાં પડ્યું

**દુર્ઘટનાગ્રસ્ત એરક્રાફ્ટમાં કેટલાક લોકો સવાર હતા પરંતુ બધા સુરક્ષિત છે અને તેને બહાર કાઢી લેવામાં આવ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)પ્રયાગરાજ

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં સેનાનું ટ્રેની એરક્રાફ્ટ દુર્ઘટનાનો શિકાર બન્યું છે. એરક્રાફ્ટ વિદ્યાવાહિની સ્કૂલની પાસે સ્થિત એક તળાવમાં પડ્યું છે. સેના દ્વારા રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

એરક્રાફ્ટમાં કેટલાક લોકો સવાર હતા, પરંતુ બધા સુરક્ષિત છે. એરક્રાફ્ટ કઈ રીતે પડ્યું તેની માહિતી હજુ સામે આવી નથી.

પ્રયાગરાજ શહેરમાં સેનાનું ટ્રેની એરક્રાફ્ટ દુર્ઘટનાનો શિકાર થયું છે.



આ શહેરના તળાવમાં ક્રેશ થયું છે. આ દુર્ઘટના પી કોલેજની પાસે થઈ છે. ઘટનાની જાણકારી મળતા સેનાના હેલીકોપ્ટર રેસ્ક્યુ ઓપરેશનમાં લાગી ગયા હતા.

શરૂઆતી જાણકારી અનુસાર એરક્રાફટમાં કેટલાક લોકો સવાર હતા. પરંતુ બધા સુરક્ષિત છે અને તેને બહાર કાઢી લેવામાં આવ્યા છે. પ્લેન ક્રેશ થવાનું કારણ સામે આવ્યું નથી. પ્રયાગરાજના જે તળાવમાં વિમાન પડ્યું છે, તેની ચારે તરફ જળકુંભ ઉગી નીકળ્યા છે. જેથી એરક્રાફ્ટ સુધી પહોંચવામાં મુશ્કેલી આવી રહી હતી.

પ્રયાગરાજમાં આ સમયે માઘ મેળો ચાલી રહ્યો છે. જેથી ત્યાં વધુ ભીડ રહે છે. આ સાથે જ્યાં એરક્રાફ્ટ ક્રેશ થયું તો વિસ્તાર શહેરની વચ્ચે છે. આ કારણે એરક્રાફ્ટ ક્રેશ થવાનો અવાજ સાંભળી લોકોમાં નાશભાગ જોવા મળી હતી. સ્થાનીક લોકોએ ઘટનાની જાણકારી પોલીસ અને તંત્રને આપી હતી. ઘટનાસ્થળે પોલીસની સાથે સાથે સેનાના અધિકારી હાજર છે. સાથે સેનાના હેલીકોપ્ટર નજર રાખી રહ્યાં છે. સેના તરફથી આ પ્લેનને લઈને કહેવામાં આવ્યું કે આ એરફોર્સનું માઈક્રોલાઈટ એરક્રાફ્ટ હતું. એન્જિન ફેલ થવાને કારણે તળાવમાં પડ્યું છે. હવામાં ઘણા સમય સુધી ફર્યા બાદ એરક્રાફ્ટ તળાવમાં પડ્યું છે. બે ક્રૂ મેમ્બર હતા. સેના પ્રમાણે બંને સુરક્ષિત છે.

## મધ્યપ્રદેશના ઝાબુઆની દુર્ઘટના: મેળામાં ચાલતી રાઈડ અચાનક તૂટી પડી, ૧૫ બાળકો ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્ય પ્રદેશના ઝાબુઆ જિલ્લામાં આયોજિત એક સ્થાનિક મેળામાં મોટી દુર્ઘટના ઘટી છે. જેમાં અચાનક એક રાઈડ પડી જવાથી લગભગ બે ડઝન બાળકો ઈજાગ્રસ્ત થયા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. ઝાબુઆ જિલ્લામાં મેલામાં બનેલી રાઈડ દુર્ઘટનાને લઈને પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે, શરૂ રાઈડ દરમિયાન અચાનક રાઈડનું સંતુલન બગડ્યું અને નીચે જમીન પર પડી ગઈ. રાઈડ પડવાની દુર્ઘટનાને પગલે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ છવાયો હતો. ઘટનામાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં ૧૫ જેટલાં બાળકોને દાખલ કર્યા હોવાનું સામે આવ્યું છે. જેમાંથી ૭-૮ બાળકોની હાલત ગંભીર હોવાનું જણાય છે.

રાઈડ દુર્ઘટના બાદ ફરી એકવાર મેળા અને મનોરંજનના સાધનો પર સુરક્ષાને લઈને સવાલો ઉભા થયા છે. સ્થાનિકોનું કહેવું છે કે, મનોરંજન માટે મેળામાં રાઈડ્સ કોઈપણ યોગ્ય સુરક્ષા વગર ચલાવવામાં આવે છે. ન તો સાધનોની તપાસ કરવામાં આવે છે કે ન તો ઈમરજન્સીની વ્યવસ્થા જોવા મળે છે.

સોશિયલ મીડિયા પર આ ઘટના વાઈરલ થતાં જ યુઝર્સ તરફથી પ્રતિક્રિયાઓનો પ્રવાહ શરૂ થઈ ગયો છે. ઘણા લોકોએ તેને માત્ર અકસ્માત તરીકે સ્વીકારવાનો ઈનકાર કર્યો. એક યુઝરે લખ્યું, "આ માત્ર અકસ્માત નથી, પરંતુ ગુનાહિત બેદરકારી છે." બીજા એક યુઝરે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, "ભારતમાં કોઈપણ પ્રકારના સાહસનો પ્રયાસ ન કરો. અહીં કોઈ સેફ્ટી ચેક કરાતી નથી, બધું ભગવાન ભરોસે ચાલે છે."






દાવોસમાં ડોનાલ્ડ ટ્રમ્પની ચીમકી

## અમે ગ્રીનલેન્ડ પર કબજો કરવા મિલિટરી પાવરનો ઉપયોગ કરી શકીએ છીએ

**અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે મને યુરોપ સાથે પ્રેમ છે, પણ તેઓ યોગ્ય દિશામાં આગળ વધતા નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)દાવોસ

દાવોસની બર્ફીલી વાદીઓમાં હાલમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની સત્તાના બીજા કાર્યકાળના પહેલા વર્ષના અંતમાં એક એવી ડીલ સાથે વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં પહોંચ્યા છે.

યુરોપિયન દેશ પહેલાથી અહીં ટ્રમ્પ વિરુદ્ધ ગુસ્સો ઠાલવી ચૂક્યા છે. અમેરિકાને ટ્રેડ બઝૂકાની ધમકી આપી ચૂક્યા છે. હવે ટ્રમ્પ પોતાનો પક્ષ રજૂ કરવા માટે અહીં આવ્યા છે. તેમણે પોતાની સ્પીચમાં પહેલા એ જણાવ્યું કે કેવી રીતે તેમના રાજમાં અમેરિકા ડેડ દેશમાંથી આર્થિક ચમત્કાર બની ગયું.

ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર વાત કરતા પહેલા તમામની પરમિશન લીધી. ટ્રમ્પનું કહેવું છે કે ગ્રીનલેન્ડ પર સ્ટેન્ડને લઈ તેમને દુનિયામાં નેગેટિવ રીતે જોવામાં આવી રહ્યા છે. તેમણે ફરી એક વાર એ જૂનો રાગ ગાવાનું શરૂ કર્યું કે ગ્રીનલેન્ડ તેમને સિક્યોરિટી માટે જોઈએ.



ટ્રમ્પે ફરી એક વાર સ્પષ્ટતા આપી પણ ફરી તેઓ દાદાગીરીના મોડમાં પહોંચી ગયા.

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે મને યુરોપ સાથે પ્રેમ છે, પણ તેઓ યોગ્ય દિશામાં આગળ વધતા નથી. યુરોપના અમુક ભાગ એવા છે, જે હવે ઓળખમાં પણ નથી આવતા. આપણે તેના પર ચર્ચા કરી શકીએ છીએ, પણ તેમાં ચર્ચાનો કોઈ મતલબ નથી. દુનિયા અમને ફોલો કરી બરબાદીના રસ્તેથી બચી શકે છે. મેં કેટલાય દેશોને બરબાદ થતા જોયા છે. યુરોપમાં માસ માઈગ્રેશન થઈ રહ્યું છે. હાલમાં તેઓ સમજી રહ્યા નથી કે તેના કેવા કેવા દુષ્પ્રભાવ થઈ શકે છે. યુરોપિયન યુનિયનને મારી સરકારમાંથી શીખવું જોઈએ. તેમણે કહ્યું કે યુરોપની આવ્રજન નીતિઓ અને આર્થિક નીતિઓએ વિનાશકારી પરિણામ આપ્યા છે, જ્યારે તેનાથી ઉલટ અમેરિકામાં મોટો બદલાવ થયો છે.

ટ્રમ્પે ગ્રીનલેન્ડને લઈને કહ્યું કે આ બરફનો એક મોટો સુંદર ટુકડો છે. હું ગ્રીનલેન્ડ અને ડેનમાર્કના લોકોનું સન્માન કરું છું. અમે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ગ્રીનલેન્ડની મદદ કરી હતી. ગ્રીનલેન્ડની રક્ષા અમારા સિવાય બીજા કોઈ દેશ કરી શકશે નહીં. ખાલી અમે જ ગ્રીનલેન્ડને બચાવી શકીશું. અમે વર્લ્ડ વોર ૨ના સમયે ગ્રીનલેન્ડને બચાવ્યું હતું. અમે બેવકૂફ હતા જે અમે ગ્રીનલેન્ડને પાછું આપી દીધું.

તેમણે કહ્યું કે અમે હવે બહુ મોટી મિલિટરી પાવર છીએ. અમે ગ્રીનલેન્ડ પર કબજો કરવા માટે મિલિટરીનો ઉપયોગ કરી શકીએ છીએ. અમે અમારી સુરક્ષા માટે ગ્રીનલેન્ડની જરૂર છે.

ટ્રમ્પે કહ્યું કે નાટોને અમે દાયકાઓ સુધી ફંડ આપ્યું પણ અમને બદલામાં તેનાથી ખૂબ જ ઓછું મળ્યું. નાટોની બધું ફંડ અમેરિકામાંથી થાય છે. તેમણે કહ્યું કે તેમના રાષ્ટ્રપતિ પદના શપથ લીધા બાદથી દેશમાં મોંઘવારી સતત ઘટી રહી છે. અમેરિકામાં સ્ટોક એક્સચેન્જ અત્યાર સુધીના ઉચ્ચ સ્તર પર રહ્યું છે. મારા કાર્યાલયમાં દેશમાં રોકાણ ૧૮ ટ્રિલિયન ડોલર રહ્યું છે. અમેરિકા દુનિયાનું ઈકોનોમિક કેપિટલ છે.

# તંત્રી લેખ......

## પોલીસ આધુનિકીકરણને ઝડપી બનાવવું જોઈએ

તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે પોલીસ કસ્ટડીમાં મૃત્યુની સુઓમોટો નોંધ લીધી અને પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાના તેના અગાઉના આદેશની સમીક્ષા શરૂ કરી. ૨૦૨૦ના "પરમવીર વિરુદ્ધ બલજીત સિંહ" કેસમાં, સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યોને કસ્ટડીમાં ત્રાસના કેસોને રોકવા માટે પોલીસ સ્ટેશનોમાં પૂરતા પ્રમાણમાં સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્દેશ આપ્યો હતો. તેવી જ રીતે, જુલાઈ ૨૦૨૫ માં, સુપ્રીમ કોર્ટે કેસમાં ડીએનએ નમૂનાઓનો સુરક્ષિત સંગ્રહ કરીને ૪૮ કલાકની અંદર ફોરેન્સિક લેબમાં મોકલવાનો નિર્દેશ આપ્યો હતો.

અગાઉ, જાન્યુઆરી ૨૦૧૯ માં, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પાયલોટ પ્રોજેક્ટ હેઠળ રાજ્યોને ૧૦,૦૦૦ થી વધુ ડીએનએ સંગ્રહ કીટ પૂરી પાડી હતી, કારણ કે જાતીય ગુનાઓની તપાસમાં ડીએનએ પરીક્ષણ એક મહત્વપૂર્ણ પાસું છે. નવા ફોજદારી કાયદાઓ પણ તપાસમાં વૈજ્ઞાનિક પુરાવા પર વધુ ભાર મૂકે છે. સાત વર્ષ કે તેથી વધુ કેદની સજા સાથે સંકળાયેલા ફોજદારી કેસોમાં, ફોરેન્સિક નિષ્ણાતને હવે ફોરેન્સિક પુરાવા એકત્રિત કરવા માટે ઘટનાસ્થળની મુલાકાત લેવાની અને મોબાઈલ ફોન અથવા અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણનો ઉપયોગ કરીને ઘટનાસ્થળનો ફોટોગ્રાફ અથવા વિડિયોગ્રાફી કરવાની જરૂર છે. પોલીસે સ્થળ પર કોઈપણ શોધ અને જપ્તીની વિડિઓગ્રાફી કરીને ૪૮ કલાકની અંદર મેજિસ્ટ્રેટને મોકલવાની પણ જરૂર છે. ગૌણ ઈલેક્ટ્રોનિક પુરાવા પણ સાયબર નિષ્ણાત દ્વારા ચકાસવા આવશ્યક છે.

એ સાચું છે કે ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા ફોરેન્સિક સંસાધનો વિકસાવવા માટે પાંચ વર્ષનો સમયમર્યાદા પ્રદાન કરે છે, પરંતુ આ પ્રાપ્ત કરવા માટે, રાજ્યોને નાણાકીય સંસાધનોમાં વધારો કરવો પણ જરૂરી છે. હાલની પોલીસ આધુનિકીકરણ યોજના શરૂઆતમાં ૧૯૯૯-૨૦૦૦ માં ૧૦ વર્ષના સમયગાળા માટે શરૂ કરવામાં આવી હતી. ૧૦ વર્ષ પછી, યોજનાને ચાલુ રાખવાની ભલામણ કરવામાં આવી હતી, પરંતુ તેમાં માઓવાદી પ્રભાવિત વિસ્તારો માટે ભંડોળ વધારવા અને દરિયાકાંઠાના અને સરહદી વિસ્તારો માટે ખાસ યોજનાઓ વિકસાવવાની પણ ભલામણ કરવામાં આવી હતી.

પોલીસ આધુનિકીકરણ યોજનાએ પોલીસ ગતિશીલતામાં વધારો, ટેલિકોમ્યુનિકેશનમાં સુધારો, શસ્ત્રોની ગુણવત્તામાં સુધારો, કોમ્પ્યુટરાઈઝેશન, તાલીમ, સુરક્ષા સાધનો ખરીદવા અને ફોરેન્સિક લેબ્સના આધુનિકીકરણ દ્વારા રાજ્યોને નોંધપાત્ર રીતે ફાયદો કરાવ્યો છે. એ પણ નોંધવું જોઈએ કે સમય જતાં, પોલીસ દળોની સંખ્યામાં વધારો થયો છે, અને ઘણા નવા પડકારો ઉભા થયા છે.

જ્યારે પોલીસ અને જાહેર વ્યવસ્થાને બંધારણની સાતમી અનુસૂચિ હેઠળ "રાજ્ય સૂચિ" માં સમાવવામાં આવ્યા છે, અને પોલીસને જરૂરી નાણાકીય સંસાધનો પૂરા પાડવાની પ્રાથમિક જવાબદારી રાજ્ય સરકારોની છે, ત્યારે રાજ્યોમાં આંતરિક સુરક્ષા જાળવવી એ પણ બંધારણીય માળખા હેઠળ કેન્દ્ર સરકારની મુખ્ય જવાબદારી છે. આ જવાબદારી પૂર્ણ કરવા માટે, કેન્દ્રીય ગૃહ મંત્રાલયની છત્ર યોજના, "પોલીસ આધુનિકીકરણ માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સહાય" દ્વારા રાજ્યોને પોલીસ આધુનિકીકરણ ભંડોળ પૂરું પાડવામાં આવે છે. ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને પૂર્વોત્તર રાજ્યો માટે ભંડોળ પેટર્ન ૯૦:૧૦ છે. આનો અર્થ એ થયો કે કેન્દ્ર સરકાર ૯૦ ટકા ફાળો આપે છે, જ્યારે બાકીનો ફાળો આ રાજ્યો દ્વારા આપવામાં આવે છે. અન્ય રાજ્યો માટે, ગુણોત્તર ૬૦:૪૦ છે. અગાઉ, શેરિંગ ૭૫:૨૫ હતું, પરંતુ ૨૦૧૨-૧૩ થી તેને બદલીને ૬૦:૪૦ કરવામાં આવ્યું હતું.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીમાં તેજીની આગેકૂચ: એમસીએક્સ પર સોનાનો વાયદો રૂ.૭૧૧૫ અને ચાંદીનો વાયદો રૂ.૯૧૦૪ ઊછળ્યો

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૨ની વૃદ્ધિ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૯૫૪૪.૮૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૧૮૩૬૬.૨૪ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૯૨૮૭૧.૨૧ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૩૫૦૧ પોઈન્ટના સ્તરે


મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૪૨૭૯૧૮.૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૯૫૪૪.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૩૧૮૩૬૬.૨૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૪૩૫૦૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૯૯૭૪.૪૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૯૨૮૭૧.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧૫૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૮૩૩૯ અને નીચામાં રૂ.૧૫૧૫૭૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૦૫૬૫ના આગલા બંધ સામે રૂ.૭૧૧૫ વધી રૂ.૧૫૭૬૮૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૪૪૪ વધી રૂ.૧૩૨૪૦૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩૦૦ વધી રૂ.૧૬૭૦૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૪૪૨ વધી રૂ.૧૫૭૯૨૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૦૩૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૫૦૦ અને નીચામાં રૂ.૧૫૨૦૩૪ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૧૧૧૩ના આગલા બંધ સામે રૂ.૮૦૧૩ વધી રૂ.૧૫૯૧૨૬ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૩૨૨૫૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૩૫૫૨૧ અને નીચામાં રૂ.૩૨૦૦૦૭ના મથાળે અથડાઈ, રૂ.૩૨૩૬૭૨ના આગલા બંધ સામે રૂ.૯૧૦૪ વધી રૂ.૩૩૨૭૭૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૯૫૧૦ વધી રૂ.૩૩૬૧૧૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૯૫૫૧ વધી રૂ.૩૩૬૧૬૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૭૪૧.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૧૬.૮૫ વધી રૂ.૧૩૦૨.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.૩.૧૫ વધી રૂ.૩૧૪.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૧.૯૫ વધી રૂ.૩૧૬.૭ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો રૂ.૨.૯ વધી રૂ.૧૯૨.૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૧૫૨૬.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૫૨ અને નીચામાં રૂ.૩૯૮૨ના મથાળે અથડાઈ, રૂ.૩૬ ઘટી રૂ.૪૦૨૧ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૪૮૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૭૬ અને નીચામાં રૂ.૫૪૫૫ના મથાળે અથડાઈ, રૂ.૫૫૧૭ના આગલા બંધ સામે રૂ.૫૨ વધી રૂ.૫૫૬૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫૨ વધી રૂ.૫૫૬૯ થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૭૨.૧ વધી રૂ.૪૨૩.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૭૧.૭ વધી રૂ.૪૨૩ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૭૧ના ભાવે ખૂલી, ૬૦ પૈસા વધી રૂ.૯૫૯ના સ્તરે પહોંચ્યો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૫૧ના ભાવે ખૂલી, રૂ.૭ વધી રૂ.૨૬૭૯ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૧૦૪૭.૫૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૧૮૨૩.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૯૧૦.૨૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૩૪.૭૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૬૧.૫૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૨૯.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૦.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૬૭.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૭૪૮.૪૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧૧.૨૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૬૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૦૧૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૮૩૦૯૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૮૧૭૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૪૭૩૫૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૧૭૮૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૪૪૧૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૮૭૪૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૪૨૭૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૬૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૨૭૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૩૩૦૩ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૪૨૪૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૩૯૯૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૨૪૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૭૭૭ પોઈન્ટ વધી ૪૩૫૦૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૯.૨ વધી રૂ.૨૮૧.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૮.૬ વધી રૂ.૮.૮ના ભાવે બોલાયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૯૪.૫ વધી રૂ.૮૩૫૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૩૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૮૫૯.૫ વધી રૂ.૨૧૫૦૦.૫ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬.૯૮ વધી રૂ.૧૫.૫૯ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૮ પૈસા વધી રૂ.૧.૨ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૦.૫૫ વધી રૂ.૨૮૩.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૮.૮ વધી રૂ.૯ના ભાવે બોલાયો હતો.

સોનું-મિની જાન્યુઆરી રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૦૨ વધી રૂ.૬૧૨૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જાન્યુઆરી રૂ.૩૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૬૫૯.૫ વધી રૂ.૨૪૩૦૦ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨.૬ ઘટી રૂ.૨૨૫.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩૫.૩૫ ઘટી રૂ.૧૬.૬ થયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૧૧ ઘટી રૂ.૭૭૦ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૩૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૨૪૯ ઘટી રૂ.૮૪૯૬.૫ના ભાવે બોલાયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬.૪૯ ઘટી રૂ.૪.૦૮ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૧ પૈસા ઘટી રૂ.૦.૨ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦ ઘટી રૂ.૧૭૭.૭૫ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩૪.૨૫ ઘટી રૂ.૧૬.૭ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭૩.૫ ઘટી રૂ.૧૨૭૪ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જાન્યુઆરી રૂ.૩૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૧૪૧.૫ ઘટી રૂ.૭૮૭૨ના ભાવે બોલાયો હતો.

## પ્રતાપનગર–જોબટ તથા આણંદ–ગોધરા રેલખંડ પર ટ્રેનોની ગતિમાં વધારો થવાથી મુસાફરીના સમયમાં બચત

યાત્રીઓની સુવિધા, સમયપાલનમાં સુધારો તથા સંચાલન ક્ષમતા વધારવાના હેતુથી પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ હેઠળ આવતાં પ્રતાપનગર–જોબટ રેલખંડ પર ૭ ટ્રેનો તથા આણંદ–ગોધરા રેલખંડ પર ૨ મેમૂ ટ્રેનોની અનુમેય ગતિમાં વધારો કરવામાં આવ્યો છે. પરિણામે સંબંધિત ટ્રેનોના મુસાફરી સમયમાં ઘટાડો થશે અને યાત્રીઓને સમય બચત સાથે વધુ સુવિધાજનક તથા સમયબદ્ધ રેલ સેવા નો સીધો લાભ મળશે. વડોદરા મંડળના પ્રતાપનગર–જોબટ રેલખંડ પર ટ્રેનોની ગતિમાં વધારો થવાના પરિણામે ટ્રેન નંબર ૫૯૧૨૨ છોટા ઉદેપુર–પ્રતાપનગર પેસેન્જર ના મુસાફરી સમયમાં ૨૦ મિનિટ સુધીની બચત થઈ છે, જ્યારે ટ્રેન નંબર ૫૯૧૨૩ પ્રતાપનગર–જોબટ પેસેન્જર ના મુસાફરી સમયમાં ૧૦ મિનિટની બચત શક્ય બની છે. એ જ રીતે, ટ્રેન નંબર ૫૯૧૨૪ જોબટ–પ્રતાપનગર પેસેન્જર, ટ્રેન નંબર ૫૯૧૧૮ અલીરાજપુર–પ્રતાપનગર પેસેન્જર, ટ્રેન નંબર ૫૯૧૨૫ પ્રતાપનગર– છોટા ઉદેપુર પેસેન્જર, ટ્રેન નંબર ૫૯૧૧૭ પ્રતાપનગર– છોટા ઉદેપુર પેસેન્જર તથા ટ્રેન નંબર ૫૯૧૨૧ પ્રતાપનગર–અલીરાજપુર પેસેન્જર ના મુસાફરી સમયમાં ૫ મિનિટની બચત થઈ છે. આ જ રીતે આણંદ – ગોધરા વિભાગના રેલખંડ પર ટ્રેનોની ગતિમાં વધારો થવાથી ટ્રેન નંબર ૬૯૧૪૫ આણંદ–ગોધરા મેમૂ ના મુસાફરી સમયમાં ૧૦ મિનિટ તથા ટ્રેન નંબર ૬૯૧૪૬ ગોધરા–આણંદ મેમૂ ના મુસાફરી સમયમાં ૫ મિનિટની બચત શક્ય બની છે. પશ્ચિમ રેલવેનું વડોદરા મંડળ યાત્રીઓની સેવામાં હંમેશા પ્રયત્નશીલ છે.

## સોના-ચાંદીના મોટા વેપારીઓમાં મચ્યો હડકંપ

# વેરાવળમાં જ્વેલર્સ પર GSTના મેગા દરોડા પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

ગીર સોમનાથના વેરાવળ શહેરમાં આજે વહેલી સવારથી જ GST વિભાગ દ્વારા સોના-ચાંદીના મોટા વેપારીઓ પર તવાઈ બોલાવવામાં આવી છે. સેન્ટ્રલ જીએસટી જૂનાગઢ ડિવિઝનની ટીમોએ વેરાવળના નામાંકિત જ્વેલર્સના શો-રૂમ અને પેઢીઓ પર એકસાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. શહેરના જાણીતા પરશુરામ દયારામ જ્વેલર્સના શો-રૂમ પર અધિકારીઓ દ્વારા હિસાબી દસ્તાવેજોની તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, શાહ નગીનદાસ ભગવાનદાસની બે અલગ-અલગ પેઢીઓ પર પણ દરોડા પાડવામાં આવતા સમગ્ર વેપારી આલમમાં ફફડાટ ફેલાયો છે.

આ દરોડા દરમિયાન જીએસટી વિભાગની ટીમ દ્વારા સોના-ચાંદીના સ્ટોક, ખરીદ-વેચાણના બિલો અને ડિજિટલ ટ્રાન્ઝેક્શનની જીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. લાંબા સમયથી ચાલી રહેલા શંકાસ્પદ આર્થિક વ્યવહારો અને ટેક્સ ચોરીની બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું મનાય છે. વેરાવળના મુખ્ય બજારમાં આવેલા આ શો-રૂમ્સ પર પોલીસ બંદોબસ્ત સાથે ચાલી રહેલી આ તપાસમાં મોટા પાયે કરચોરી પકડાય તેવી પૂરેપૂરી શક્યતા છે. અત્યારે અધિકારીઓ દ્વારા વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

## પશ્ચિમ રેલવે વિવિધ ગંતવ્યો માટે ચલાવશે ત્રણ જોડી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તેમજ વધારાની ભીડને સમાવવાના ઉદેશ્યથી વિશેષ ભાડા પર ૦૩ જોડી સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જાહેર કરાયેલ પ્રેસ નોટ મુજબ, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

૧) ટ્રેન નંબર ૦૯૦૦૯/ ૦૯૦૧૦ – બાંદ્રા ટર્મિનસ–ભુજ સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશ્યલ (૧૦ ફેરા)

ટ્રેન નંબર ૦૯૦૦૯ બાંદ્રા ટર્મિનસ–ભુજ સ્પેશ્યલ દર રવિવારે બાંદ્રા ટર્મિનસથી ૧૯:૨૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૯:૫૦ વાગ્યે ભુજ પહોંચશે. આ ટ્રેન ૨૫ જાન્યુઆરી થી ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે.તે જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૧૦ ભુજ–બાંદ્રા ટર્મિનસ સ્પેશ્યલ દર સોમવારે ભુજથી ૧૪:૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૫:૧૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૬ જાન્યુઆરી થી ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશાઓમાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, અમદાવાદ, ધ્રાંગધ્રા, સામાખ્યાલી, ભચાઉ અને ગાંધીધામ સ્ટેશનો પર રોકાશે:

આ ટ્રેનમાં એસી–૨ ટિયર, એસી–૩ ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ રહેશે.

૨) ટ્રેન નંબર ૦૯૦૧૧/ ૦૯૦૧૨ – બાંદ્રા ટર્મિનસ–ભુજ સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશ્યલ (૧૦ ફેરા)

ટ્રેન નંબર ૦૯૦૧૧ બાંદ્રા ટર્મિનસ–ભુજ સ્પેશ્યલ દર મંગળવારે બાંદ્રા ટર્મિનસથી ૨૩:૫૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૧૪:૩૦ વાગ્યે ભુજ પહોંચશે. આ ટ્રેન ૨૭ જાન્યુઆરી થી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે. તે જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૧૨ ભુજ–બાંદ્રા ટર્મિનસ સ્પેશ્યલ દર બુધવારે ભુજથી ૧૭:૪૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૮:૪૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૮ જાન્યુઆરી થી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશાઓમાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, અમદાવાદ, ધ્રાંગધ્રા, સામાખ્યાલી, ભચાઉ અને ગાંધીધામ સ્ટેશનો પર રોકાશે:

આ ટ્રેનમાં એસી–૨ ટિયર, એસી–૩ ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ રહેશે.

૩) ટ્રેન નંબર ૦૯૦૧૭/ ૦૯૦૧૮ – બાંદ્રા ટર્મિનસ–વેરાવળ સાપ્તાહિક સ્પેશ્યલ (૧૦ ફેરા)

ટ્રેન નંબર ૦૯૦૧૭ બાંદ્રા ટર્મિનસ–વેરાવળ સ્પેશ્યલ દર રવિવારે બાંદ્રા ટર્મિનસથી ૧૪:૪૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૮:૦૫ વાગ્યે વેરાવળ પહોંચશે. આ ટ્રેન ૨૫ જાન્યુઆરી થી ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે. તે જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૧૮ વેરાવળ–બાંદ્રા ટર્મિનસ સ્પેશ્યલ દર સોમવારે વેરાવળથી ૧૧:૦૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૪:૫૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૨૬ જાન્યુઆરી થી ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશાઓમાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, ગોંડલ, જેતલસર, જૂનાગઢ અને કેશોદ સ્ટેશનો પર રોકાશે:

આ ટ્રેનમાં એસી–૨ ટિયર, એસી–૩ ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૦૦૯, ૦૯૦૧૦, ૦૯૦૧૧, ૦૯૦૧૨, ૦૯૦૧૭ અને ૦૯૦૧૮નું બુકિંગ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ , સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૨૧/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૯૭ | ૧,૨૫૦.૦૦ | ૧,૮૭૦.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૨૦૦.૦૦ | ૧,૨૬૫.૦૦ |
| ૩ | ઘઉં | ૧૨૨ | ૫૩૪.૦૦ | ૫૫૮.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૫૦.૦૦ | ૪૫૭.૦૦ |
| ૫ | અડદ | ૧૯ | ૧,૪૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૬ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૭ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૮ | કપાસ | ૧૮૪૯ | ૧,૫૫૩.૦૦ | ૧,૬૦૭.૦૦ |
| ૯ | સોયાબીન | ૦ | ૯૦૦.૦૦ | ૧,૦૩૪.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

## કુકાવાવમાં ખેતરના કૂવામાંથી યુવતીની લાશ મળી આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના કુકાવાવ પંથકમાંથી એક કરુણ ઘટના સામે આવી છે. કુકાવાવ-દેરડી રોડ પર આવેલી એક વાડીના કૂવામાંથી પરપ્રાંતિય યુવતીનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. કુકાવાવથી દેરડી રોડ પર આવેલ રમેશભાઈ વેકરીયા નામના ખેડૂતની વાડીમાં આ ઘટના બની હતી. વાડીના કૂવામાં એક યુવતીનો મૃતદેહ તરતો હોવાની જાણ થતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. તપાસ કરતા મૃતક યુવતીની ઓળખ સોના વસુનીયા તરીકે થઈ છે, જે પરપ્રાંતિય હોવાનું જાણવા મળ્યું છે. ઘટના અંગે અમરેલી ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. કૂવો ઊંડો હોવાને કારણે ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત ઉઠાવી યુવતીના મૃતદેહને બહાર કાઢ્યો હતો. યુવતી કૂવામાં કેવી રીતે પડી? આ આત્મહત્યા છે, અકસ્માત કે અન્ય કોઈ કારણ? તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. હાલમાં પોલીસે યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોલીસની પ્રાથમિક તપાસ બાદ જ ઘટનાનું સાચું કારણ બહાર આવશે.

નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

ગરીબોના ઘર પર બુલડોઝર ફરે છે, તો ભ્રષ્ટ અધિકારીઓના ઘરે ક્યારે પહોંચશે? : યાત્રિક પટેલ AAP

# સીધા પાતાળલોક જવું હોય તો સીટીએમ ચાર રસ્તા આવો : AAP નેતા યાત્રિક પટેલના ભાજપ પર પ્રહાર

## ભાજપની વિકાસ ટેકનોલોજીથી રોડ નહીં, પણ પાતાળલોકનો રસ્તો બન્યો : યાત્રિક પટેલ AAP

અમદાવાદ/ ગાંધીનગર

આમ આદમી પાર્ટી વિદ્યાર્થી પાંખ CYSS અમદાવાદ શહેર પ્રમુખ યાત્રિક પટેલે સીટીએમ ચાર રસ્તાની અત્યંત ખરાબ હાલત મુદ્દે ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહાર કર્યા હતા. યાત્રિક પટેલે જણાવ્યું હતું કે, જો કોઈને સીધા પાતાળલોક જવું હોય તો સીટીએમ ચાર રસ્તા પર આવી જાય. ભાજપના શાસનમાં વર્ષો પછી એવી 'ટેકનોલોજી' વિકસાવવામાં આવી છે કે રસ્તાઓ પરથી સીધા પાતાળમાં ઉતરી શકાય. યાત્રિક પટેલે વ્યંગાત્મક રીતે જણાવ્યું હતું કે, આપણા વિશ્વગુરુ તરીકે ઓળખાતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હિમાલય તપસ્યા માટે આવા જ રસ્તેથી ગયા હશે. પરંતુ આ વિકાસના દાવાઓની હકીકત એ છે કે શહેરના મુખ્ય રસ્તાઓ પર ખાડા, ભુવા અને તૂટી ગયેલા છે, જેના કારણે રોજબરોજના વાહનચાલકો અને સામાન્ય નાગરિકો જીવના જોખમે મુસાફરી કરવા મજબૂર છે. જ્યારે ગરીબ લોકોની વાત આવે છે ત્યારે 'દાદાનું બુલડોઝર' તરત જ તેમના ઘર સુધી પહોંચી જાય છે. ગરીબોને હેરાન-પરેશાન કરવામાં સરકાર અને તંત્ર કોઈ સંકોચ રાખતું નથી. પરંતુ જ્યારે ભ્રષ્ટ અને બેદરકાર અધિકારીઓની વાત આવે છે, જેમની બેદરકારીના કારણે રસ્તાઓ તૂટી જાય છે, ખાડા પડે છે અને અકસ્માતો સર્જાય છે, ત્યારે તેમના ઘરે બુલડોઝર પહોંચતું નથી. શું બુલડોઝર ફક્ત ગરીબો માટે જ છે? ભ્રષ્ટ અધિકારીઓ અને જવાબદાર તંત્ર સામે કાર્યવાહી કરવાની હિંમત સરકાર કેમ નથી બતાવતી? સીટીએમ ચાર રસ્તા પર પડેલા ખાડાઓ મામલે સરકાર જવાબ આપે તેવી અમારી માંગ છે.

આમ આદમી પાર્ટીએ ઓડિયો પુરાવા સાથે SIR પ્રક્રિયામાં થતા ગોટાળા ઉજાગર કર્યા

# મતદાર યાદીમાંથી ખોટી રીતે નામ રદ કરવાની કોશિશ સામે અમદાવાદમાં આમ આદમી પાર્ટીની પત્રકાર પરિષદ

## SIR પ્રક્રિયામાં ભાજપનું મોટું ષડ્યંત્ર, ૯ લાખથી વધુ નામ કમી કરવાની ખોટી અરજીઓ આવી : ઈસુદાન ગઢવી

અમદાવાદ/ગુજરાત

સમગ્ર ગુજરાતમાં ચાલી રહેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયા સંદર્ભે આમ આદમી પાર્ટી દ્વારા અમદાવાદ પ્રદેશ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટ તથા લીગલ સેલના પ્રમુખ પ્રણવ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. પત્રકાર પરિષદમાં સંબોધન કરતા પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, SIR પ્રક્રિયા દરમિયાન BLA-1, BLA-2 અને BLO દ્વારા ઘરેઘરે જઈને કરવામાં આવેલી ચકાસણી બાદ લગભગ ૭૩,૭૩,૦૦૦ મતદારોના નામ ઘટાડવાની પ્રક્રિયા સિવાય બધી કામગીરી યોગ્ય રીતે પૂર્ણ થઈ હતી. પરંતુ આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા એક મોટું શડયંત્ર રચવામાં આવ્યું છે. છેલ્લા બે-ત્રણ દિવસમાં ભાજપના કાર્યકર્તાઓ દ્વારા આશરે ૯,૫૯,૦૦૦થી વધુ અરજીઓ મતદાર યાદીમાંથી નામ કમી કરવા માટે દાખલ કરવામાં આવી છે, જે અત્યંત શંકાસ્પદ છે. અનેક વિસ્તારો જેમ કે ખંભાળિયા વિધાનસભા, બાપુનગર, રાજકોટ, કચ્છ અને અન્ય સ્થળોએ હજારો અરજીઓ એકસાથે દાખલ થઈ હોવાનું સામે આવ્યું છે. જામખંભાળિયામાં ૧૫ હજાર જેટલી અરજી નામ રદ કરવામાં માટે આપી, બધી વિધાનસભામાંથી ૧૦ હજાર મત રદ કરવાનું ષડયંત્ર રચ્યું. ઈસુદાન ગઢવીએ આક્ષેપ કર્યો છે કે ઘણી અરજીઓ એવા લોકોના નામે કરવામાં આવી છે જેમને પોતાની સામે અરજી કરવામાં આવી હોવાની જાણ પણ નથી. ખાસ કરીને ભાજપના વિરોધમાં મતદાન કરનારા, વિપક્ષને સમર્થન આપનારા તથા સામાજિક રીતે અવાજ ઉઠાવનારા નાગરિકોને ટાર્ગેટ કરવામાં આવ્યા છે. આમ આદમી પાર્ટીએ ઓડિયો પુરાવા સાથે SIR પ્રક્રિયામાં થતા ગોટાળા ઉજાગર કર્યા અને દિપાલી બેન દ્વારા કોઈ અરજી કરવામાં આવી ન હોવાનો કોલ રેકોર્ડ પણ વાયરલ કર્યો.

આમ આદમી પાર્ટીએ ચૂંટણી પંચને લેખિત રજૂઆત કરી મુખ્ય માંગણીઓ કરી છે. ૧.નામ ઘટાડવા માટે આવેલી તમામ અરજીઓની વિપક્ષના પ્રતિનિધિઓની હાજરીમાં પુનઃચકાસણી કરવામાં આવે. ૨. ખોટી અરજી કરનારાઓ તથા ખોટા દસ્તાવેજો રજૂ કરનારાઓ સામે ગુનાહિત કાર્યવાહી અને પોલીસ ફરિયાદ કરવામાં આવે. ૩. જેમના નામ કમી કરવાની અરજી કરવામાં આવી છે, તે તમામ મતદારોને ઓછામાં ઓછો ૧૦ દિવસનો સમય આપી નોટિસ પાઠવવામાં આવે. ૪. BLO દ્વારા પહેલેથી જ કરવામાં આવેલી ચકાસણીને અવગણીને રાજકીય દબાણ હેઠળ નામ ઘટાડવાની કાર્યવાહી તરત સ્થગિત કરવામાં આવે. ઈસુદાન ગઢવીએ ચેતવણી આપતા જણાવ્યું કે, જો કોઈપણ અધિકારી રાજકીય દબાણ હેઠળ ગેરકાયદેસર રીતે મતદાર યાદીમાં ફેરફાર કરશે તો આમ આદમી પાર્ટી તેની સામે કાયદાકીય કાર્યવાહી કરશે અને જરૂર પડ્યે મામલો સુપ્રીમ કોર્ટ સુધી લઈ જશે. ગુજરાતની જનતાને અપીલ કરુ છું કે દરેક મતદાર પોતાનું નામ મતદાર યાદીમાં છે કે નહીં તે તરત ચકાસી લે અને કોઈ ગેરરીતિ જણાય તો તરત ફરિયાદ નોંધાવે.

# અરવલ્લી જિલ્લાના ભિલોડા- ઈડર હાઈવે પર ટ્રક નદીમાં ખાબકી : ટ્રક ચાલકનુ ઘટનાસ્થળે મોત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



અરવલ્લી જિલ્લાના ભિલોડા-ઈડર હાઈવે પર આજે બુધવારે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. ઘાંટી ગામ પાસે આવેલી ઈન્દ્રાસી નદીના બ્રીજ પર થી ઘઉ ની બોરીઓ ભરેલી એક ટ્રક અચાનક પલ્ટી મારીને સીધી નદીમાં ખાબકી હતી. આ ભયાનક અકસ્માતમાં ટ્રક ચાલકનુ ઘટના સ્થળે જ મોત નિપજયુ હતું. જેના કારણે સ્થાનિકોમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મળતી માહિતી અનુસાર આ ટ્રક ઘઉની બોરીઓ ભરીને પસાર થઈ રહી હતી. ત્યારે ચાલકે સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. ટ્રકની ગતિ એટલી તેજ હતી કે તે બ્રીજની મજબુત રેલીંગ તોડીને સીધી નીચે ઈન્દ્રાસી નદીમાં પડી હતી. ટ્રક પલ્ટી મારી હોવાથી તેનો કચ્ચરઘાણ નિકળી ગયો હતો અને નદીના પટમાં ઘઉની બોરીઓ વેરવિખેર થઈ ગઈ હતી. આ અકસ્માતમાં ટ્રક ચાલક જેની ઓળખ શાંતિલાલ ઠાકોર તરીકે થઈ હતી. તેમનુ ગંભીર ઈજાઓ થવાને કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજયુ હતું. અકસ્માતનો અવાજ સાંભળીને આજુબાજુના ગ્રામજનો તાત્કાલીક મદદ માટે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસ અને ગ્રામજનોએ ભારે જહેમત બાદ ટ્રકના કેબિનમાં ફસાયેલા ચાલક શાંતિલાલ ઠાકોરના મૃતદેહને બહાર કાઢયો હતો. પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી તેને પોસ્ટમોર્ટમ અર્થે નજીકની હોસ્પીટલમાં ખસેડયો હતો. હાલમાં પોલીસે અકસ્માતનો ગુન્હો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે કે અકસ્માત ટ્રકમાં યાંત્રીક ખામી સર્જાવવાના કારણે થયો કે પછી ચાલકની ભુલને કારણે, આ ઘટનાને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફીક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા.

# રાજયની ગ્રાન્ટેડ શાળાઓમાં પટ્ટાવાળાની ૩ હજાર અને ગ્રંથપાલ તેમજ શિક્ષકોની ૬ હજાર જગ્યાઓ ખાલી

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજય સરકાર દ્વારા પ્રતિવર્ષ શાળા પ્રવેશોત્સવના તાયફા પાછળ મસમોટુ આંધણ કરવામાં આવે છે. તેમ છતાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની સ્થિતિ હજુ જૈસૈ થે રહેવા પામી છે. જેના પગલે અનેક સવાલો ઉપસ્થિત થવા પામ્યા છે.

રાજયની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં છેલ્લા ૧૪ વરસથી કલાર્ક અને પટ્ટાવાળા તેમજ કર્મચારીઓની ભરતી થવા પામી નથી. આશરે ૪૬૦૦ શાળાઓમાંથી ૧૭૦૦ જેટલી શાળાઓમાં એકપણ કલાર્ક નથી. જયારે પટ્ટાવાળાની ૩ હજાર તેમજ ગ્રંથપાલ અને શિક્ષકોની પણ આશરે ૬ હજાર જગ્યાઓ ખાલી પડી છે. આ બાબતે તત્કાલ પગલા લેવાની માંગણી ઉઠાવી રાજય આચાર્ય સંઘ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી છે.

આ અંગે રાજય આચાર્ય સંઘના પ્રમુખ ભાનુભાઈ પટેલ તથા મહામંત્રી ભરતભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રોજેરોજ ૧૦ થી ૧૨ પ્રકારની જુદી જુદી માહિતી ઓનલાઈન તથા ઓફ લાઈન માંગવામાં આવે છે. કલાર્કના અભાવે શિક્ષકોની પણ ઘટ હોવા છતાં ન છુટકે આ કામગીરી આચાર્ય અને શિક્ષકો દ્વારા કરાવવાની ફરજ પડે છે. જેના પરીણામે વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને માઠી અસર પહોચે છે. જેથી ગુજરાતના વિદ્યાર્થીઓના શિક્ષણના વ્યાપક હિતમાં વહેલામાં વહેલી તકે પટ્ટાવાળા, કલાર્ક અને ગ્રંથપાલ તેમજ શિક્ષકોની તમામ ખાલી જગ્યાઓ પર કાયમી ભરતી કરવી અતિઆવશ્યક છે. હાલના આ સંજોગોમાં જયાં સુધી કાયમી ભરતી ન થાય ત્યાં સુધી હાલ પુરતા વૈકલ્પિક વ્યવસ્થારૂપે શાળા સહાયક, આઉટસોર્સિંગથી પટ્ટાવાળા આપવા તેમજ જ્ઞાન સહાયકની લાયકાતમાં જરૂરી છુટછાટ આપવી કરાર આધારીત હંગામી નિમણુંક આપવા પગલા લેવા જરૂરી છે.

તેઓએ વધુમાં જણાવ્યુ હતુ કે લગભગ ૬ જેટલા વિષયમાં શિક્ષણ સહાયકની કાયમી ભરતીમાં પણ લઘુત્તમ લાયકાત ધરાવતા એટલે કે દ્વિસ્તરીય ટેટ પાસ ઉમેદવારો ખાલી જગ્યાઓના પ્રમાણમાં ઉપલબ્ધ ન હોવાને કારણે જગ્યાઓ ભરાઈ નથી, તેથી જ્ઞાન સહાયક એ હંગામી કરાર આધારીત ટુંકા ગાળા માટેની વૈકલ્પિક વ્યવસ્થા કરવી જરૂરી છે. આ અંગેની દરખાસ્ત પૂર્વ શિક્ષણ મંત્રીની સુચના અન્વયે કરવામાં આવેલ હોવા છતાં છેલ્લા ઘણા સમયથી નિર્ણય અર્થ વિભાગમાં પેન્ડીંગ છે. જે અંગે તાત્કાલીક ઘટતુ કરવા જણાવાયુ છે.

હાલમાં રાજયની ગ્રાન્ટેડ શાળાઓમાં આશરે ૪ હજાર જેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. આગામી તારીખ ૩૧/૫/૨૦૨૬ ની વય નિવૃત્તિ થતા વર્ગ વધારાના કારણે બીજી નવી જગ્યાઓ ઉભી થશે. આમ કુલ જુન ૨૦૨૬ માં લગભગ ૧૦ હજાર જેટલી જગ્યાઓ ખાલી હશે, રાજયના વિદ્યાર્થીઓના શિક્ષણના વ્યાપક હીતમાં આ અંગે આગોતરૂ આયોજન કરવા તથા તેને લગતી જરૂરી આનુસાંગીક કાર્યવાહી સત્વરે કરવા આચાર્ય સંઘના હોદ્દેદારોએ માંગણી ઉઠાવી છે.

# વડોદરાના પાણી ગેટ પોલીસ મથકના લોકઅપમાં આરોપીનો આપઘાતઃ કસ્ટડીમાં રહેલા રમેશ વસાવાએ સ્વેટરના દોરા વડે ગળે ફાંસો ખાધો

પ્રતિનિધિ,ગાંધીનગર



વડોદરા શહેરના પાણી ગેટ પોલીસ સ્ટેશનના લોકઅપ માં કસ્ટડીમાં રહેલા એક આરોપીએ આપઘાત કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી છે. જીવન નગર વુડા વિસ્તારમાં આવેલા મકાનમાં રહેતા રમેશ છગનભાઈ વસાવા નામના શખ્સે પોલીસ લોકઅપની અંદર સ્વેટરના દોરા વડે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ હતું. આ ઘટનાને પગલે પોલીસતંત્રમાં દોડધામ મચી જવા પામી હતી અને સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ રમેશ વસાવાની પત્ની સાથે બોલાચાલી થયા બાદ માર મારવાના આક્ષેપ હેઠળ પાણી ગેટ પોલીસ દ્વારા તેની અટકાયત કરવામાં આવી હતી. આરોપીની અટકાયત બાદ તેને પોલીસ સ્ટેશનના લોકઅપમાં રાખવામાં આવ્યો હતો. આજે તારીખ ૨૧ જાન્યુઆરી ના રોજ વહેલી સવારે લોકઅપમાં ચાર આરોપીઓ સુતા હતા તે દરમિયાન રમેશ છગનભાઈ વસાવા ઉઠી ગયા હતા. સવારે ૬:૩૦ કલાકે તેઓ ટોયલેટમાં ગયા હતા અને બારી સાથે પોતે પહેરેલા સ્વેટર (હુડી) ની દોરી બાંધી ફાંસો ખાવાની તૈયારી કરી હતી. ત્યારબાદ ૬:૪૮ કલાકે તેઓ બહાર આવ્યા અને ફરી ૬:૪૯ કલાકે ટોયલેટમાં ગયા, જયાં તેમણે આપઘાત કરી લીધો હતો. થોડીવાર બાદ લોકઅપમાં રહેલા બીજા એક આરોપી ઉઠતા ટોયલેટમાં ગયા હતા, જયાં રમેશ વસાવાને લટકતા જોઈ તેમણે બુમાબુમ કરી મુકી હતી. આ અંગે તરતજ પીએસઓને જાણ કરવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર પીએસઓ લોકઅપમાં દોડી ગયા હતા અને પીઆઈને જાણ કરી હતી. ત્યારબાદ એસીપી અને ડીસીપીને પણ ઘટના અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા જેથી ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોચ્યા હતા. પાણી ગેટ પોલીસ દ્વારા આ કેસમાં બીએનએસ કલમ ૧૭૬ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


પોલીસનુ કહેવુ છે કે આરોપીએ લોકઅપમાં આપઘાત કર્યો હોવાનુ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે. જો કે સમગ્ર મામલે કોઈપણ પ્રકારની બેદરકારી રહી છે કે કેમ તે મુદ્દે ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. મૃતકના પરીવારજનોએ પોલીસ પર ગંભીર આક્ષેપો લગાડયા છે. પરીવારનો દાવો છે કે પોલીસ કસ્ટડી દરમિયાન રમેશ વસાવા સાથે માર મારવામાં આવ્યો હતો જેના કારણે તેણે આ અંતિમ પગલુ ભર્યુ હોઈ શકે છે. આ આક્ષેપોને ધ્યાનમાં રાખીને તપાસ વધુ સંવેદનશીલ રીતે કરવામાં આવી રહી છે. પાણી ગેટ પોલીસ સ્ટેશનના પીઆઈ અલ્પેશ પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આરોપીએ લોકઅપમાં આપઘાત કર્યો છે. ઘટનાસ્થળે સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જેના ફુટેજની તપાસ કરવામાં આવશે. સમગ્ર ઘટનાની એફએસએલ દ્વારા પણ તપાસ કરાવવામા આવશે. મૃતદેહનો પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. જેના રીપોર્ટ બાદ વધુ સ્પષ્ટ થઈ શકશે. કાયદેસર તમામ પ્રક્રિયા પુર્ણ કરી સત્ય બહાર લાવવા માટે દરેક પાસુ તપાસવામાં આવશે. હાલ આ બનાવ વડોદરા શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

આ મામલે ડીસીપી અભિષેક ગુપ્તાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે રમેશભાઈ વસાવાને ગઈ કાલે ૨૦ જાન્યુઆરીના રોજ એક અરજીના અનુસંધાને અટકાયતી પગલા રૂપે લોકઅપમાં રાખવામાં આવ્યા હતા. તેમની સાથે અન્ય ૩ આરોપીઓ પણ હતા, આજે બુધવારે વહેલીસવારે લગભગ ૬ થી ૬:૧૫ વાગ્યાની વચ્ચે લોકઅપના વોશરૂમમાં જઈ તેમણે સ્વેટરની હુડીની દોરી વડે ગળે ફાંસો ખાઈ લીધો હતો.

# ઓપરેશન રેલ સુરક્ષાઃ ઉત્રાણ સ્ટેશન પર માલગાડીમાંથી ચોરી કરનારાઓ સામે રેલવે સુરક્ષા બળ દ્વારા કડક કાર્યવાહી












ગત દિવસોમાં કેટલાક શરારતી તત્વો દ્વારા વડોદરા મંડળના ઉત્રાણ સ્ટેશનના યાર્ડમાં ઉભી રહેલી માલગાડીના ડબ્બાનું સીલ તોડી તેમાં થી ચોખાની બોરી લઈ જવાની ઘટના પ્રકાશમાં આવી હતી. વડોદરા મંડળના રેલવે સુરક્ષા બળના જવાનોએ તાત્કાલિકતા દાખવી આરોપીઓને ઝડપી લીધા છે. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલ એક પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ, તારીખ ૧૪.૦૧.૨૦૨૬ના રોજ કેટલાક શરારતી તત્વોએ ઉત્રાણ સ્ટેશનના યાર્ડમાં ઉભેલી માલગાડીના ડબ્બાનું સીલ તોડી નાખ્યું હતું, જેની માહિતી સ્ટેશનના પોઈન્ટસમેન દ્વારા સ્ટેશન માસ્ટરને આપવામાં આવી હતી. તપાસ દરમિયાન ઘટનાસ્થળથી આશરે ૨૦ ફૂટના અંતરે ઝાડીઓમાં ચોખાની ૧૩ બોરીઓ મળી આવી, જેનું કુલ વજન અંદાજે ૬૨૫ કિલોગ્રામ હતું. આ રીતે ચોરીનો સંપૂર્ણ મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. મામલામાં સંકળાયેલા આરોપીઓને પકડવાના પ્રયાસરૂપે રેલવે સુરક્ષા બળ દ્વારા આસપાસની સોસાયટીઓમાં લાગેલા સીસીટીવી કેમેરાની ફૂટેજની મદદ લેવામાં આવી હતી. જેના આધારે સીસીટીવી ફૂટેજનું વિશ્લેષણ કરી આરોપીઓની ઓળખ કરવામાં આવી. અંકલેશ્વર સ્ટેશન પર તૈનાત રેલવે સુરક્ષા બળના નિરીક્ષક તથા અપરાધ શાખાની ટીમ દ્વારા ઘટનાસ્થળ અને તેની આસપાસના વિસ્તારની ગુપ્ત નજર રાખવામાં આવી હતી. ત્યારબાદ તારીખ ૧૮.૦૧.૨૦૨૬ના રોજ આરોપીઓને પકડવાની કાર્યવાહી દરમિયાન સીસીટીવી ફૂટેજમાં દેખાયેલા આરોપીઓમાંથી એક આરોપી મહેશ ઉંમર ૨૩ વર્ષ નજરે પડ્યો. પૂછપરછ દરમિયાન તેણે પોતાના બે સાથીઓ સાથે મળી તારીખ ૧૪.૦૧.૨૦૨૬ના રોજ ઉત્તરાયણના દિવસે રેલવેની માલગાડીનું સીલ તોડી ચોખાથી ભરેલી બોરીઓની ચોરી કરી તેને છુપાવ્યાનું સ્વીકાર્યું. એક અન્ય આરોપી સુરત નિવાસી આકાશ ઉંમર ૨૨ વર્ષને પણ મુખબીરની માહિતીના આધારે આરપીએફ સ્ટાફ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો, પૂછપરછ દરમિયાન તેણે પણ પોતાનો ગુનો કબૂલ કર્યો. મામલાની આગળની તપાસ ચાલુ છે.

# મુખ્યમંત્રીએ કેબિનેટમાં સરકારી અધિકારીઓને રીતસર ખખડાવી નાખ્યા : મુખ્યમંત્રીએ કહ્યુ હવે હું આવુ સહેજ પણ ચલાવી નહી લવ

પ્રતિનિધિ,ગાંધીનગર



સુરતના કામરેજ તાલુકાના તડકેશ્વર ગામમાં ૨૧ કરોડના તોતીંગ ખર્ચે બનાવેલી પાણીની ટાંકી લોકાર્પણ પહેલા જ પાણી ભરીને ટેસ્ટીંગ દરમિયાન ધડાકા સાથે તુટી પડતા આ બનાવની ગંભીર નોંધ લઈને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રોષ વ્યકત કરીને જવાબદાર અધિકારીઓને ખખડાવી નાખ્યા હતા. દરમિયાન કેબિનેટમાં મુખ્ય સચિવ એમ કે દાસે એવુ પણ કહ્યુ કે પાણીની ટાંકી પડયા બાદ જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે અને પોલીસ કેસ પણ કરાશે,

ગાંધીનગરમાં આજે બુધવારે મળેલી કેબિનેટની બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કામરેજ તાલુકાના તડકેશ્વર ગામે કરોડો રૂપીયાના ખર્ચે બનાવેલી પાણીની ટાંકી કકડભુસ થવાને લઈ તંત્ર ઉપર રોષ વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પાણી પુરવઠાના અધિકારીઓને એવુ કહ્યુ હતુ કે આ પ્રકારની બેદરકારી ચલાવી લેવાશે નહી, તેમજ નબળી કામગીરીને પણ નહી ચલાવાય, જો આવુ થતુ રહેશે તો કડક પગલા ભરાશે.

આ ચર્ચા દરમિયાન કેબિનેટમાં મુખ્ય સચિવ એમ કે દાસે એવુ કહ્યુ કે પાણીની ટાંકી પડયા બાદ જવાબદારોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ તમામ વિભાગોને દરેક કામમાં ખાસ કાળજી રાખવાની પણ શીખામણ આપી હતી. આ ઘટનામાં જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાકટર વિરૂધ્ધ માંડવી પોલીસ મથકે ગુન્હો દાખલ કરવામા આવ્યો છે. આ તમામ વિરૂધ્ધ સરકારી નાણાંની છેતરપીંડી, વિશ્વાસઘાત અને મજુરોને પહોચેલી ઈજાઓ સંબંધીત બીએનએસ કલમો હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

આ ગુન્હો મે.જયંતિ સુપર કન્સ્ટ્રકશન પ્રા.લી , મહેસાણા અને તેમના જવાબદાર માણસો, બાબુભાઈ અંબાલાલ પટેલ, મહેસાણા અને તેમના જવાબદાર માણસો, પીએમસી એજન્સી માર્સ એન્ડ પ્લાનીંગ પ્રો. પ્રા.લી., અમદાવાદના ટીમ લીડર અને સાઈટ એન્જીનીયર, તેમજ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના નાયબ કાર્યપાલક ઈજનેર જય એસ ચૌધરી અને કાર્યપાલક ઈજનેર અંકિત પી ગરાસીયા સામે ગુન્હો નોંધાયો છે. આ મામલે સરકારે તાત્કાલીક કાર્યવાહી કરીને નાયબ કાર્યપાલક ઈજનેર જય ચૌધરી અને તત્કાલીન કાર્યપાલક એન્જીનીયર રજનીકાંત ચૌધરીને સસ્પેન્ડ કર્યા છે. આ ઉપરાંત ટાંકી બનાવનાર એજન્સીના તમામ ચુકવણા અટકાવી દેવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાની ખાતાકીય તપાસ પણ કરવામાં આવશે.


## પશ્ચિમ રેલ્વે - રતલામ વિભાગ

W/623/NIT/1 "ઈ-ટેન્ડર સૂચના" તારીખ: 19.01.2026

ભારતના રાષ્ટ્રપતિ વતી ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA) રતલામ વેબસાઇટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા ખુલ્લા ટેન્ડર મંગાવી રહ્યા છે. વિગતો નીચે મુજબ છે-

| ક્ર નં. | ઈ-ટેન્ડર નં. અને કામનું નામ | અંદાજે કિંમત ₹ | બાનાની રકમ ₹ માં |
|---|---|---|---|
| 1. | RTM-2025-26-119R | ₹90,31,074.35 | ₹1,80,600.00 |
| | ડો. આંબેડકર નગર (DADN)- નવી સંકલિત ક્રૂ લોબી, CTCC ઓફિસ, કાઉન્સેલિંગ રૂમ, પાર્કિંગ અને બાઉન્ડ્રી વોલ સાથે TRS સ્ટાફ રૂમની જોગવાઈ, ઇલેક્ટ્રિક વર્ક સહિત. પૂર્ણતા સમયગાળોઃ- 12 મહિના, સમાન પ્રકારનું કામઃ- કોઈપણ મકાન બાંધકામ. વેબસાઇટ પર અપલોડ કરવાની તારીખઃ- 17.01.2026, ટેન્ડર ખોલવાની તારીખઃ-09.02.2026 | | |
| 2. | RTM-2025-26-120 | ₹25,50,09,301.01 | ₹14,25,100.00 |
| | ચંદેરિયા-વિવિધ સુવિધાઓ સાથે માલસામાન શેડનો વિકાસ. પૂર્ણતા સમયગાળોઃ- 18 મહિના, સમાન પ્રકારનું કામઃ- 1. કોઈપણ સ્ટીલ ફેબ્રિકેશન કાર્ય રૂ. 14,00,70,277.43. 2. કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કાર્ય રૂ. 11,49,39,023.58 ટેન્ડર આપનાર વ્યક્તિએ છેલ્લા 07 (સાત) વર્ષ દરમિયાન, જે ટેન્ડર મંગાવવામાં આવ્યું છે તેના પહેલા મહિનાના છેલ્લા દિવસે પૂરા થતા, નીચેનામાંથી કોઈપણ શ્રેણીના કામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા હોવા જોઈએ અથવા નોંધપાત્ર રીતે પૂર્ણ કર્યા હોવા જોઈએઃ (i) ટેન્ડરના જાહેરાત કરાયેલ મૂલ્યના 30% જેટલી રકમ કરતાં ઓછી ન હોય તેવા ત્રણ સમાન કામો, અથવા (ii) ટેન્ડરના જાહેરાત કરાયેલ મૂલ્યના 40% જેટલી રકમ કરતાં ઓછી ન હોય તેવા બે સમાન કામો, અથવા (iii) ટેન્ડરના જાહેરાત કરાયેલ મૂલ્યના 60% જેટલી રકમ કરતાં ઓછી ન હોય તેવા એક સમાન કામ. વેબસાઇટ પર અપલોડ કરવાની તારીખઃ-17.01.2026, ટેન્ડર ખોલવાની તારીખઃ- 09.02.2026 | | |

આશરે જથ્થોઃ- ટેન્ડર શેડ્યૂલ મુજબ, ટેન્ડર ફોર્મની કિંમત રૂઃ-નથી, વિગતવાર ટેન્ડર સૂચના, પાત્રતા માપદંડો અને નિયમો અને શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

5/1/424

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ચુંટણીમાં ૧૦ ટકા અનામત માંગતો સવર્ણ સમાજ: સરકારની મુશ્કેલીમાં વધારો

## આર્થિક પછાત વર્ગ માટે અનામત લાગુ કરવા સરકારને અલ્ટીમેટમ : સવર્ણ જ્ઞાતિઓ એક મંચ પર આવતા ગુજરાતના રાજકારણમાં ગરમાવો

પ્રતિનિધિ,ગાંધીનગર
યુનુસ મેમણ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી પૂર્વે વધુ એક વખત અનામતનો મુદ્દો ઉછળ્યો છે અને ઓબીસી અનામત વધાર્યા બાદ હવે આર્થિક રીતે પછાતવર્ગ ને પણ ચુંટણીમાં અનામત આપવા માંગણી કરવામાં આવતા રાજકારણ ગરમાયુ છે. સવર્ણ સમાજે એક મંચ પર આવી રાજકીય અનામતની માગ ને લઈને સરકાર સામે મોરચો માંડયો છે.

ગાંધીનગરમાં સવર્ણ સમાજોના અગ્રણીઓએ એક મંચ પર આવીને સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ૧૦ ટકા અનામત લાગુ કરવા રાજય સરકારને અલ્ટીમેટમ આપ્યુ છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ રાજકીય વાતાવરણ ગરમાય તેવી શકયતા છે. વર્ષ ૨૦૧૫ ના પાટીદાર અનામત આંદોલન બાદ ગુજરાતમાં જાતિવાદ ચરમસીમાએ પહોચ્યો છે. ઝવેરી કમિશનના રીપોર્ટ બાદ રાજય સરકારે ઓબીસી સમાજો માટે સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં અનામત ૧૦ ટકા વધારીને ૨૭ ટકા કરી છે. તેના કારણે પાટીદાર, બ્રાહ્મણ અને ક્ષત્રીય જેવા સવર્ણ સમાજની સત્તામાં ભાગીદારી ઘટે તેવી શકયતા છે. તેથી ઈડબલ્યુએસ રાજકીય અનામતની માંગણીને લઈ સવર્ણ



સમાજો એક થયા છે.

ગાંધીનગરના સર્કિટ હાઉસમાં પાટીદાર, ક્ષત્રીય અને બ્રાહ્મણ સમાજના અગ્રણીઓએ બેઠક કરીને સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ૧૦ ટકા ઈડબલ્યુએસ અનામત આપવા રાજય સરકારને અલ્ટીમેટમ આપ્યુ છે. આ બેઠકમાં સવર્ણ સમાજના અગ્રણીઓએ માંગ કરી હતી કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ૧૦ ટકા ઈડબલ્યુએસ અનામત તાત્કાલીક અમલમાં મુકાય, શિક્ષણ અને નોકરીમાં ઈડબલ્યુએસ અનામત છે. તો સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં કેમ નહી ? તેવા સવાલ સવર્ણ સમાજના આગેવાનોએ કર્યા હતા. પાટીદાર અનામત આંદોલન બાદ સવર્ણ સમાજને આર્થિક રીતે નબળા વર્ગ તરીકે માન્યતા મળી છે. પરંતુ રાજકીય અનામતના અભાવે તેઓને પ્રતિનિધિત્વ મળતુ નથી. ચુંટણી પહેલા મુદ્દો તેજ થતા રાજયની ભાજપ સરકાર અને રાજકીય પક્ષો ઉપર દબાણ વધ્યુ છે. ઈડબલ્યુએસ અનામત અમલી ન બને તો સવર્ણ સમાજે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. ગાંધીનગરના સર્કિટહાઉસ ખાતે પાટીદાર, ક્ષત્રીય અને બ્રહ્મ સમાજ સહિત બિન અનામત વર્ગના આગેવાનોની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ઈડબલ્યુએસ માટે ૧૦ ટકા રાજકીય અનામત લાગુ કરવાની માંગ અંગે ચર્ચા કરી હતી. આ બેઠકમાં ઝવેરી કમિશનના રીપોર્ટના આધારે જાહેર કરાયેલા રોસ્ટરમાં ગંભીર ખામીઓ હોવાનુ અને સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈનનુ ઉલ્લંઘન થયુ હોવાનો આગેવાનોએ આક્ષેપ કર્યો હતો. આડેધડ રીતે બેઠકોની ફાળવણીથી સામાજિક ન્યાયને આંચ આવી રહી હોવાની સરકારને લેખિત રજુઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧૮૨ ધારાસભ્યો અને સાંસદો પાસેથી સમર્થન માંગવાનો તેમજ સમર્થન ન આપનાર ધારાસભ્યો અને સાંસદોના નામ જાહેર કરવાની પણ ચેતવણી આપી હતી. પાટીદાર આગેવાન દિનેશ બાંભણીયાએ સરકારને સીધી ચીમકી આપતા કહ્યુ હતુ કે અમે સહીઓ સાથે સરકારમાં લેખિત રજુઆત કરવાના છીએ, જો સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ૧૦ ટકા ઈડબલ્યુએસ અનામતની માંગ સ્વીકારવામાં નહી આવે તો સવર્ણ સમાજ ચુંટણીમાં પોતાનો પરચો બતાવશે. ક્ષત્રીય આગેવાન રમજુભા જાડેજાએ પણ આ માંગને ક્ષત્રીય સમાજનુ સંપૂર્ણ સમર્થન હોવાનુ જાહેર કર્યુ હતું.

# ભરૂચના વાગરામાં આમ આદમી પાર્ટીની પરીવર્તન મહાસભા યોજાઈ: ચૈતર વસાવાએ ભાજપ પર કર્યા આકરા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

આમ આદમી પાર્ટી દ્વારા ભરૂચના વાગરા ખાતે ભવ્ય પરીવર્તન સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ સભામાં ધારાસભ્ય ચૈતર વસાવા ઉપસ્થિત રહ્યા હતા, આ સાથે આમ આદમી પાર્ટી ભરૂચ લોકસભા ઈન્ચાર્જ યાકુબ ગુરજી અને ભરૂચ જિલ્લા પ્રમુખ પીયુષ પટેલ સહિત કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા.





જંગી જનમેદનીને સંબોધન કરતા ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યુ હતુ કે અમે ગુજરાતની જનતા માટે અવાજ ઉઠાવીએ છીએ, આદિવાસી હોય, દલીત હોય, ખેડુત હોય, મહિલા હોય, કર્મચારી હોય, શ્રમિક હોય કે એક સામાન્ય નાગરીક દરેક માટે અમે અવાજ બનીને ઉભા રહીએ છીએ અને બીજી તરફ ભાજપના નેતાઓને જનતા માટે નહી પરંતુ ધમકાવવા, ડરાવવા, કોન્ટ્રાકટ માટે લડવા, માટી અને ખનીજના ગેરકાયદે ખનન કરવા, ગેરકાયદે ધંધા ચલાવવા અને ભ્રષ્ટાચાર માટે ચર્ચામાં રહેતા જોવા મળીએ છીએ. જનતા હવે બધુ જોઈ રહી છે, સમજી રહી છે, અમે કોઈ વ્યકિત કે પદ માટે નહી, પરંતુ સત્ય, ન્યાય અને સામાન્ય જનતાના અધિકાર માટે લડી રહ્યા છીએ. આ લડત ભરૂચની છે, ગુજરાતની છે અને આવનારા સમયની છે અને બીજી બાજુ આ લોકો મોટી મોટી વાતો કરે છે, ખોટુ બોલે છે, જુઠ્ઠાણા ફેલાવે છે અને જનતાના પૈસામાં ભ્રષ્ટાચાર કરીને કરોડપતિ બનીને બેઠા છે. આ બધુ જોઈને જ અમે વિચાર્યુ કે હવે જનતાના અવાજ માટે રાજનીતીમાં આવવુજ પડશે, એટલે જ અમે બધા યુવાનો રાજનીતીમાં આવ્યા છીએ,

આજે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ અમારી સાથે જેલ જેલ ની રમત રમે છે, ભાજપ બહુ મોટી પાર્ટી છે, ભાજપ પાસે સાડા સાતસો જેટલા ફાઈવ સ્ટાર કમલમ છે. કાગળ પર કાયદેસર રીતે જ ૧૦ હજાર કરોડથી વધારેનુ બેલેન્સ છે, આખી પાર્ટી ઈસ્ટ ઈન્ડીયા કંપનીની જેમ ચલાવવામાં આવે છે, એટલે ભાજપને એકલા ચૈતર વસાવાથી કે એકલા પીયુષભાઈ પટેલ થી કે એકલા યાકુબભાઈનો ડર નથી, પરંતુ ભાજપને ડરે છે એ વાતનો કે અમે તમને જાગૃત કરીએ છીએ, અમે તમને એક કરીએ છીએ, અમે તમને તમારા અધિકારો માટે લડતા શીખવીએ છીએ, અમે તમને સંવિધાન બચાવવાનુ શીખવીએ છીએ, આ મંચ પરથી ભાજપના નેતાઓને પણ કહેવા માંગુ છુ કે તમને લાગે છે કે ૩-૩, ૪-૪ મહિને અમને જેલમાં નાખીને તમે અમને રોકી લેશો, તો તમે તૈયાર રહેજો, કારણ કે અમે વ્યાજ સાથે તમારો હિસાબ કરવાના છીએ, તમને જેટલુ અમારા કાર્યકરોને હેરાન કરવાનુ મન થાય એટલુ કરો, પરંતુ યાદ રાખજો આ હેરાનગતિનો હિસાબ એક દિવસ જરૂર લેવામાં આવશે. જેલની વ્યથા વર્ણવતા ચૈતર વસાવાએ જણાવ્યુ હતુ કે હું જેલમાં હતો ત્યારે અમારા સાથીઓ પોલીસને વિનંતી કરતા રહ્યા કે અમને માત્ર ૫ મીનીટ મળવા દો, એકવાર હાલત કેવી છે તે જોવા દો, વાત કરવા દો, પરંતુ ભાજપના નેતાઓના ઈશારે રાતે દોઢ થી બે વાગ્યા સુધી મારી સાથે કોઈને મળવા દેવામાં આવ્યા નહી.

હું આખી રાત ભુખ્યો અને તરસ્યો જેલમાં રહ્યો, બીજા દિવસે મને મામલતદાર સમક્ષ અને નીચલી કોર્ટમાં રજુ કરવાનુ હતુ પરંતુ મને ડેડીયાપાડા કોર્ટમાં રજુ કરવામાં આવ્યો નહી, મને રાજપીપળા જેલમાં રાખવાની જગ્યાએ વડોદરાની સેન્ટ્રલ જેલમાં મોકલવામાં આવ્યો, જે સયાજીરાવ ગાયકવાડે બનાવેલી, અંગ્રેજો પહેલાની અત્યંત જુની જેલ છે, એવી અંધારી કોટડીમાં મને એકલો રાખવામાં આવ્યો, જેલનુ સામાન્ય ભોજન આપવામાં આવતુ હતુ અને જમીન પર પથારી પર ઉંઘવા મજબુર કરવામાં આવ્યો, આ બધાની વચ્ચે પણ મે એક જ સંકલ્પ લીધો હતો, ચૈતર વસાવા છેલ્લા શ્વાસ સુધી ગરીબો, વંચિતો અને શોષિતો માટે લડતો રહેશે. આ તાનાશાહી સામે ચૈતર વસાવા કયારેય ઝુકશે નહી,

ચૈતર વસાવએ વધુમાં જણાવ્યુ હતુ કે જામીન મળ્યા પછી પણ શરતો એવી લગાવવામાં આવી કે એક નાની શરતનો ભંગ થાય તો મને સીધો ફરી વડોદરા જેલમાં નાખી દેવામાં આવે, જે જનતાએ મને ધારાસભ્ય બનાવ્યો તે ડેડીયાપાડામાં મારૂ કાર્યાલય છે, ત્યાં મારૂ ઘર છે, મારો પરીવાર છે, છતાં આજે હું ત્યાં જઈ શકતો નથી, જે જનતાએ મને મત આપીને તેમની અવાજ બનવાની જવાબદારી સોંપી છે, તેમની વચ્ચે જઈ શકતો નથી, રાતદિવસ હું આજ વિચાર કરૂ છું કે મને જનતાની વચ્ચે જવા દેવામાં નથી આવતો, જનતાની વાત સાંભળવા દેવામાં નથી આવતી , પરંતુ આ બધાની વચ્ચે પણ મારી લડત અટકવાની નથી, આવનારા દિવસોમાં આ ભારતીય જનતા પાર્ટીને ગુજરાતમાંથી કઈ રીતે બહાર કરવી એ માટે હું સતત લડતો રહીશ, લડતો રહીશ અને લડતો રહીશ. તમે મને ડેડીયાપાડામાંથી કાઢી નાખશો, નર્મદામાંથી કાઢી મુકશો પરંતુ ચૈતર વસાવા લોકોના દિલોમાં વસે છે, લોકોના દિલોમાંથી અમને કયારેય કાઢી શકવાના નથી.

# સુરેન્દ્રનગર કલેકટર કચેરીના કલાર્ક સહિત બે કર્મચારીઓની ઈડીએ કરી ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગર કલેકટર કચેરીના કલાર્ક સહિત બે કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે. એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ (ઈડી) દ્વારા સુરેન્દ્રનગરના જમીન કૌભાંડ કેસમાં કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં કલેકટર કચેરીના બે કર્મચારીઓની ધરપકડ કરવામાં આવતા કલેકટર કચેરીમાં સોંપો પડી ગયો હતો.

ઈડી દ્વારા ધરપકડ કરાયેલા કર્મચારીઓમાં કલાર્ક સંજય અને પટ્ટાવાળા નીતિનનો સમાવેશ થાય છે. તેઓ સુરેન્દ્રનગર ના છે, ઈડી એ આજે બુધવારે વહેલી સવારે તેમની અટકાયત કરી પુછપરછ કરી હતી અને સંતોષકારક જવાબ ન મળતા તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ કાર્યવાહીથી કલેકટર કચેરીના અન્ય કર્મચારીઓ અને અધિકારીઓમાં





ફફડાટ વ્યાપી ઉઠયો હતો. આ કેસમાં પૂર્વ કલેકટર રાજેન્દ્ર પટેલ પણ સંડોવાયેલા છે અને હાલ જેલમાં છે, તપાસ એજન્સીઓને અધિક કલેકટર આર કે ઓજા અને ચીટનીસ મયુર દવેની સંડોવણીના પુરાવા પણ મળ્યા છે. સુરેન્દ્રનગર જમીન કૌભાંડ સંબંધિત મામલામાં એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ (ઈડી) દ્વારા તમામ પુરાવાઓ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ) તપાસ માટે મોકલવામાં આવ્યા છે. કલેકટરની ઓફીસ તેમજ તેમના નિવાસસ્થાનેથી જપ્ત કરાયેલા દસ્તાવેજો, મોબાઈલ ફોન અને ફાઈલો તેમજ અન્ય ડીઝીટલ પુરાવાઓની ઉંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવી રહી છે. આ એફએસએલમાં તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસાઓ બહાર આવવાની અને કૌભાંડમાં સંડોવાયેલા વધુ નામો બહાર આવવાની પ્રબળ સંભાવના છે.

ઈડી ની અત્યાર સુધીની તપાસમાં જમીનને બિનખેતી(ઈડી) કરાવવા માટે કમિશન લેવાની વિગતો બહાર આવી છે. આ કૌભાંડમાં આશરે ૧૦ કરોડ રૂપીયા જેટલી રકમ ગેરકાયદેસર રીતે મેળવવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ છે. તત્કાલીન કલેકટર ડો. રાજેન્દ્ર પટેલ પર ૫૦ ટકા કમિશન પોતે રાખી, બાકીની રકમ અન્ય ભાગીદારોમાં વહેંચવાનો આરોપ મુકવામાં આવ્યો છે. ઈડી ની તપાસમાં ડો. રાજેન્દ્ર પટેલની મિલ્કતો અંગે પણ અનેક ખુલાસા થયા છે. તેમણે ખેતીની આવક અંગેની માહિતી ઈન્કમટેક્ષ વિભાગથી છુપાવી હોવાનુ બહાર આવ્યુ છે. ૨૦૧૬ થી અત્યાર સુધી સરકારી પોર્ટલમાં રજુ કરાયેલા સ્થાવર મિલ્કતના રીટર્ન મુજબ ડો. રાજેન્દ્ર પટેલ ખેતીની જમીન ધરાવે છે. આ ઉપરાંત અમદાવાદના ગોતા-ચાંદલોડીયા વિસ્તારમાં શુકન પ્લેટીનમ એપાર્ટમેન્ટના બ્લોક નં.૧૦૨ માં તેમનો એક ફલેટ છે, આ ફલેટનુ ભાડુ તેમની માતા ના બેંક એકાઉન્ટમાં જમા થતુ હતું. જે ઈડી ની તપાસમાં બહાર આવ્યુ હોવાનુ જાણવા મળ્યુ છે.

# દુષ્કર્મ ની ફરીયાદ લેતી પોલીસ પણ હવે દુષ્કર્મના પ્રકરણમાં સલામત નથી : ભાવનગરમાં મહિલા કોન્સ્ટેબલ ઉપર દુષ્કર્મની ઘટના

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગરમાં સોશીયલ મીડીયા થકી સંપર્કમાં આવેલા યુવકે મહિલા પોલીસ કોન્સ્ટેબલને ધાક ધમકી આપી દુષ્કર્મ આચર્યાની ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે ડીવાયએસપી આર આર સીંઘલને તપાસ સોંપવામાં આવી છે.

ભાવનગરમાંથી કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક અત્યંત શરમજનક ઘટના બનવા પામી છે. જયાં દુષ્કર્મની ફરીયાદ લેતી પોલીસ પણ દુષ્કર્મના પ્રકરણમાં સલામત રહી નથી. ભાવનગર શહેરના ગંગાજળીયા પોલીસ મથકમાં એક મહિલા પોલીસ કર્મચારીએ જ પોતે દુષ્કર્મનો શિકાર બની હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસ બેડામાં





ચકચાર મચી જવા પામી છે. સોશીયલ મીડીયા પર થયેલી મિત્રતા બાદ આરોપીએ મહિલા કોન્સ્ટેબલ પર બળાત્કાર ગુજાર્યો હોવાની વિગતો બહાર આવી છે. મળતી પ્રાથમિક માહિતી અનુસાર પીડીત મહિલા પોલીસ કર્મચારી અને આરોપી યુવક વચ્ચે સોશીયલ મીડીયા પ્લેટફોર્મ પર સંપર્ક થયો હતો. સંપર્કમાં આવ્યા બાદ બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. જો કે આ મિત્રતાનો ગેરફાયદો ઉઠાવી આરોપીએ મહિલા પોલીસકર્મીને ડરાવી ધમકાવીને તેની સાથે અનેક વખત દુષ્કર્મ આચર્યુ હતું. આરોપીએ પીડીતાને ગંભીર પરીણામો ભોગવવાની ધાક ધમકી આપી અનેકવાર આ કૃત્ય આચર્યુ હોવાનુ ફરીયાદમાં ઉલ્લેખ કરાયો છે.

ગઈ કાલે ૨૦ મી જાન્યુઆરીની મોડી રાત્રે ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાયા બાદ પોલીસ વિભાગ એકશન મોડમાં આવ્યો છે. ઘટનાની સંવેદનશીલતાને જોતા આ સમગ્ર કેસની તપાસ ભાવનગર સીટી ડીવાયએસપી આર આર સીઘલને સોંપવામાં આવી છે. પોલીસ આરોપીની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. રક્ષક જ જયારે સુરક્ષિત ન હોય ત્યારે સામાન્ય જનતાની સુરક્ષા સામે પણ સવાલો ઉભા થયા છે. આ ઘટનાએ સમગ્ર ભાવનગરમાં ટોક ઓફ ધ ટાઉન બની છે.

# અનાર પટેલ માટે ખોડલધામ બન્યુ ગેટ વે : અનાર પટેલની એન્ટ્રીના ૫ કારણો એ સાબિત કરે છે કે ૨૦૨૭ માટે નો ચહેરો અત્યારથી તૈયાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં લાંબા સમયની શાંતિ બાદ એક એવો વળાંક આવ્યો છે. જેણે ગાંધીનગર થી લઈને દિલ્હી સુધી હલચલ મચાવી છે. આનંદીબેન પટેલની દિકરી અનાર પટેલની ખોડલધામ સમિતીના અધ્યક્ષ તરીકેની વરણીએ સોશીયલ એન્ટ્રી ઓછી અને પોલીટીકલ લોન્ચીંગ વધુ દેખાઈ રહી છે. આ એન્ટ્રીએ રાજકીય નેતાઓમાં ચર્ચા અને કુતુહલ બંને જન્માવ્યા છે. આતો ૨૦૨૭ ની શતરંજની પહેલી ચાલ છે. જેનો ચેકમેટ અત્યાર થી જ



વિરોધીઓ અને પક્ષના આંતરીક પ્રતિસ્પર્ધીઓને આપી દેવામાં આવ્યો છે. ૨૦૨૭ પહેલા અનાર પટેલ સક્રિય થયા તો આમ આદમી પાર્ટી અને પાટીદાર સમાજનો સૌથી મોટો વિકલ્પ બની શકે છે.

ભાજપમાં કોઈપણ મોટી હિલચાલ દિલ્હીની સંમતિ વગર શકય નથી, હાઈકમાન્ડ જાણે છે કે સૌરાષ્ટ્રમાં પાટીદારોને સાચવવા માટે એક એવા ચહેરાની જરૂર છે જે શિક્ષિત પણ હોય અને જેનુ કૌટુંબિક બેકગ્રાઉન્ડ મજબુત હોય, અનાર પટેલની એન્ટ્રી પાછળ દિલ્હીનો સંકેત સ્પષ્ટ છે, પાટીદાર વોટબેંકમાં ગાબડુ હવે નહી ચાલે, ખોડલધામ એટલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના લેઉઆ પાટીદાર સમાજનુ સૌથી શકિતશાળી પ્લેટફોર્મ, આ એજ બેલ્ટ છે જયાં ગત ચુંટણીઓમાં આમ આદમી પાર્ટીએ ભાજપના મતમાં ગાબડુ પાડયુ હતું. અનાર પટેલને આ મેદાનમાં ઉતારીને ભાજપે એક કાંકરે અનેક પક્ષી માર્યા છે. ભાજપની સૌરાષ્ટ્ર / દક્ષિણ ગુજરાતના લેઉઆ પાટીદારો પર પણ સીધી નજર છે. લાંબા સમયથી ખોડલધામના ચેરમેન નરેશ પટેલને કોંગ્રેસમાં ખેંચવાના પ્રયાસો થતા રહ્યા છે. અનાર પટેલને અધ્યક્ષ બનાવીને ભાજપે ખોડલધામની અંદર જ પોતાનુ એક પાવરસેન્ટર ઉભુ કરી દીધુ છે. હવે ખોડલધામ માત્ર નરેશ પટેલના પ્રભાવમાં નહી રહે, પણ ભાજપની સીધી નજર હેઠળ રહેશે, અનાર પટેલની વરણીએ નરેશ પટેલનો પણ ભવિષ્યમાં વિકલ્પ બની શકે છે. લાંબા સમયથી કોંગ્રેસ નરેશ પટેલને ખેંચવાનો પ્રયાસ કરી રહી છે. ભાજપે અહીં રોક લગાવી દીધો છે.

એક સમયે એવી હવા હતી કે સીઆર પાટીલ અને અમિત શાહના નેતૃત્વમાં આનંદીબેનનુ જુથ હાંસીયામાં ધકેલાઈ ગયુ છે. પરંતુ અનાર પટેલની આ એન્ટ્રીએ સાબિત કર્યુ કે આનંદીબેને હજુ શસ્ત્રો હેઠા મુકયા નથી, ગુજરાતમાં હજુ પણ આનંદીબેન પટેલનુ કદ મપાઈ જશે અને તે સાબિત કરશે કે પાટીદારો પર તેમની પકકડ આજે પણ અકબંધ છે. આ એન્ટ્રીએ સાબિત કર્યુ છે કે આનંદીબેનનુ જુથ હવે અલગ ચોકો રચીને ફરી બેઠુ થઈ રહ્યુ છે. ભાજપ અત્યારે જે રીતે યુવા પેઢીને (જેમ કે હર્ષ સંઘવી) તૈયાર કરી રહ્યુ છે તેમાં અનાર પટેલ એક મોટો વિકલ્પ બની શકે છે અને અનાર પટેલ ૨૦૨૭ ના મુખ્યમંત્રીના દાવેદાર બની શકે છે. જો ૨૦૨૭ પછી ભુપેન્દ્ર પટેલ સક્રિય ન રહે તો ભાજપ પાસે પાટીદાર ચહેરા તરીકે અનાર પટેલ તૈયાર રહેશે. મહિલા મુખ્યમંત્રીની દિકરી અને બિઝનેસમેન તરીકેની તેમની સ્વચ્છ છબી તેમને હર્ષ સંઘવી સામે મજબુત સ્પર્ધક બનાવે છે. જો ૨૦૨૭ પછી દાદા સક્રિય ન રહે તો હર્ષ સંઘવીની સામે અનાર પટેલ એક મજબુત સીએમ તરીકે વિકલ્પ બની શકે છે. હજુ ચુંટણીને દોઢ વરસનો સમય છે, અનાર પટેલની એન્ટ્રી યોગ્ય સમયે થઈ છે. ખોડલધામ સંસ્થા હવે અનાર પટેલ માટે ભાજપમાં એન્ટ્રીનો ગેટ વે બની શકે છે. આ માત્ર એક સમિતીના અધ્યક્ષપદ ની વાત નથી પણ ભવિષ્યના ગુજરાતના નેતૃત્વની કેડર તૈયાર કરવાની રમત છે.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં જે રીતે આમ આદમી પાર્ટીએ પાટીદાર મતો મેળવ્યા હતા તેને રોકવા માટે અનાર પટેલ એક ધારદાર હથિયાર સાબિત થઈ શકે છે. લેઉઆ પાટીદારોમાં મજબુત પકકડ ધરાવતી સંસ્થા દ્વારા ભાજપ પોતાની વોટબેંક લોખંડી બનાવવા માંગે છે. અનાર પટેલ દ્વારા પાટીદાર સમાજમાં આનંદીબેન પટેલ હજુ સક્રિય હોવાનો મેસેજ પાસ કરીને જુના કાર્યકરોમાં પણ નવી આશા જગાડવામાં આવી છે. આનંદીબેન જુથની સક્રિયતા સામે બીજા પાવર સેન્ટરો કેવી પ્રતિક્રીયા આપે છે તે જોવુ રસપ્રદ રહેશે. પરંતુ એકવાત નકકી છે કે અનાર પટેલની ખોડલધામમાં એન્ટ્રીએ ગુજરાતના રાજકારણને ફરી ગરમ કરી દીધુ છે.

અનાર પટેલનુ ખોડલધામના માધ્યમથી સક્રિય થવુ એ માત્ર ભાજપમાં એન્ટ્રીની શરૂઆત નથી પણ ગુજરાતના રાજકારણમાં એક નવો પાવર પોલ ઉભો કરવાની કવાયત છે. શું અનાર પટેલ ગુજરાત ભાજપના ભવિષ્યનો નવો ચહેરો બનશે ? જવાબ ૨૦૨૭ ની ચુંટણી પહેલા જ મળી જશે.

# આજે ગુજરાતમાં કતલખાના બંધ રાખવા સરકારનો પરીપત્ર : અયોધ્યા ખાતે રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા પુર્ણ થવાના બે વરસની વરસી ને લઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા રાજયભરમાં આવેલા તમામ કતલખાના આજે તારીખ ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ બંધ રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે ગુજરાત રાજયના શહેરીવિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે ગાંધીનગર સચિવાલયમાંથી એક પરીપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ઉલ્લેખ કરાયો છે કે આજે અયોધ્યા ધામ ખાતે શ્રી રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને બે વરસ પુર્ણ થવાના છે. જે નિમિત્તે રાજયભરની તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં આવેલા કતલખાના બંધ રાખવામાં આવે તેવો સત્તાવાર અનુરોધ કર્યો છે.



આજે તારીખ ૨૨ જાન્યુઆરીએ ગુજરાતભરમાં આવેલા તમામ કતલખાના બંધ રાખવા માટે જારી કરાયેલા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સંયુકત સચિવના પરીપત્રમાં રાજયની તમામ મ્યુનિસીપલ કોર્પોરેશનના કમિશ્નરો તેમજ મ્યુનિસીપાલીટીઝ એડમીનીસ્ટ્રેશન ના કમિશ્નરને આ બાબતને લગતી તમામ જરૂરી કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી છે. પરીપત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યુ છે કે આજે તારીખ ૨૨ જાન્યુઆરી ના રોજ શ્રી રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને બે વરસ પુર્ણ થવાના પ્રસંગે રાજયભરમાં ધાર્મિક અને સાંસ્કૃતિક સંવેદનશીલતા જળવાઈ રહે તે હેતુસર આ અનુરોધ કરવામાં આવ્યો છે. સરકારના પરીપત્ર અનુસાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓએ પોતાના વિસ્તારમાં આવેલા કતલખાના આજે બંધ રહે તે માટે પુર્વ તૈયારી કરવી પડશે. કતલખાના સંચાલકોને અગાઉથી જાણ કરી દેવા તેમજ કોઈપણ પ્રકારની ગેરસમજ અથવા કાયદો વ્યવસ્થાની સ્થિતિ ઉભી ન થાય તે માટે જરૂરી પગલા લેવા સુચના આપવામાં આવી છે.

આ નિર્ણય અમલમાં મુકવા માટે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને વહિવટી સ્તરે સંકલન સાધવા પણ કહેવામાં આવ્યુ છે. સરકારી સુત્રોના જણાવ્યા અનુસાર રાજયમાં છેલ્લા કેટલાક વરસોમાં ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગો દરમિયાન શાંતિપુર્ણ વાતાવરણ જળવાઈ રહે તે માટે આ પ્રકારના નિર્ણયો લેવામાં આવતા રહ્યા છે. શ્રી રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દેશવ્યાપી મહત્વ ધરાવતો પ્રસંગ હોવાથી રાજય સરકારે એક સરખો અભિગમ અપનાવી સમગ્ર રાજયમાં સમાન અમલ થાય તે માટે અનુરોધ કર્યો છે.

# વડોદરા પોલીસે કાર અને રીક્ષાની ચોરી કરનાર બે વાહન ચોરને ઝડપી પાડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા પોલીસે કાર તેમજ રીક્ષાની ચોરી કરનાર જુદા-જુદા બે વાહન ચોરને ઝડપી પાડી વધુ પૂછપરછ હાથ ધરી છે.

જેતલપુર રોડ પર ચીકુવાડી ખાતે આવેલા અમી જરા એપાર્ટમેન્ટ પાસેથી ગઈ તા.૧૫મી એ કારની ચોરીનો બનાવ બન્યો હતો. જે બનાવમાં સીસીટીવી ફૂટેજને આધારે પોલીસે આજવા રોડના લેપ્રસી ગ્રાઉન્ડ પાસેથી સમીર અશોકભાઈ ઠાકોર (રસુલાબાદ,આજવારોડ)ને કાર સાથે ઝડપી પાડ્યો હતો.

અન્ય એક બનાવમાં સમાના કૈલાશપતિ મહાદેવ નજીકથી ગઈ તા.૧૪ મીએ રાત્રે એક રીક્ષાની ચોરીનો બનાવ બન્યો હતો. જે બનાવવામાં પોલીસે ફતેગંજ રોડ પરથી રાજુ રૂપચંદ ડામોર(ફતેગંજ શ્રીનગર સોસાયટી પાસે ઝુંપડામાં, મૂળ મધ્ય પ્રદેશ) ને રીક્ષા સાથે ઝડપી પાડ્યો છે.